પ્રસિદ્ધ કરનારનો ઉદ્દેષ.



આ પુસ્તક વેરાવળ નિવાસી દાનવીર ગૃહસ્થ શેઠ સાહેબ મદનજી ખેમચંદ ભાઈએ પોતાના મર્હુમ યુવક સુપુત્રો (જેચંદભાઈ તથા હરખચંદભાઈ) નો સમર્પિત પુન્યાનુપુન્ય ઉપજાવીને ઉભયની શાન્તી માટે ભવ્ય જીવોના શ્રેયની ખાતર વાંચન મનન અને સદાચારની સત્ય પ્રવૃતિ ઈચ્છા અને તેનો લાભ સમાજને આપવા, પ્રસ્તાવનામાં જણાવ્યા મુજબ વિદ્વાન બિન્દુ મંડળ સાહેબના એક મુનિશ્રીના સદુપદેશથી જીજ્ઞાસુઓને ભેટ આપેલ છે.

જે ઉચ્ચ આશયથી આ પુસ્તક મુમુક્ષુ ભાઈઓ અગર બહેનોને આપવામાં આવે છે તેઓએ સામાન્ય પુસ્તકની માફક દુરૂપયોગ નહીં કરતા નીચે પ્રમાણેના નિયમો સ્મરણમાં રાખવા ચુકવું નહીં.

૧. "જેવા ભાવથી પુસ્તક હાથમાં લેવાય તેવુંજ ફળ મળે" એ કહેવત પ્રમાણે આ પુસ્તક પ્રતિ માન, ઉચ્ચ ભાવ અને વિવેક રાખવો.

પ્રસ્તાવના.

આ પુસ્તક આખું પ્રસ્તાવના રૂપેજ છે, જેથી જુદી પ્રસ્તાવનાની જરૂર નથી, તેમ છતાં તે લખવાનો અને પ્રસંગ મળ્યો તે બાબતે કેટલાક સહાયકોના ઉપકારમાં હું દબાયેલો છું તે ઉપકાર માનવાનો અહીં પ્રસંગ લઉં છું.

૧ મારામાં જે લખાણ લખવાની લેશ માત્ર પણ શક્તિ આવી તે પ્રાયે ઉપકાર પરમ શુદ્ધ આચાર મિષ્ટ મધુર મહાત્મા શ્રી ગુલાબચંદજી મહારાજનો છે કેમકે તેમનું આધાન મન લઈ અને આ પ્રકારનો અભ્યાસ કરાવેલ છે.

૨ એ અભ્યાસ મારા માનસમાંજ રહેત, અને તેથી મારી પાસે જે હાલ છે તેના લાભ પરિપક્વતા આદી કાર્યો દ્વારા હું પોતે તથા પ્રકાર ન લઈ શકત અને શક્તિનો વિકાસ ન થાત, પણ શ્રી જૈન સમાચાર ઓફીસે આ પામર લેખકને વખતો વખત બહાર પડવાનો અવકાશ આપ્યો, અને તેને પરિણામેજ મારી કાંઈક પ્રસિદ્ધિ થઈ, આવા જાહેર થવા

બજાવવાનો મને પ્રસંગ મળ્યો માટે તેનો પણ અહીં ઉપકાર માનું છું.

૩ પુસ્તક છપાવવાની પ્રેરણા કચ્છ મોટી પક્ષના મુનિ શ્રી નાગચંદ્રજી સ્વામી અને "વિજ્ઞાન ભિક્ષુ" મંડળ તરફથી થયેલ છે, તો તે પુસ્તકથી જૈન સમુહને જે કાંઈ લાભ થાય તે માટે તેમનો અસાધારણ ઉપકાર છે.

૪ સંખ્યા ઉપકારીનો જુદે જુદે ક્રમે ઉપકાર માનવામાં આવેલ છે, પરંતુ [illegible]ની [illegible] શેઠ સાહેબ [illegible] દેશાવરમાં [illegible] બનાવી છે [illegible] અને તેને [illegible] પ્રશ્નનું [illegible] માની [illegible]

૫ [illegible] પુસ્તકની [illegible] [illegible] દોશાભાઈનો પણ [illegible] ઉપકાર માનું છું.

૬ છેવટ મેં, પુસ્તક વાંચી તે ઉપર મનન કરનારાનો પણ ઉપકાર માનું છું કેમકે—

ભોંયુ થઈ મરનાર પણ, આશુભારીનું આણ,
હું તો આ ભાવું લખી, પંડિત કરે પ્રમાણ.

આ પુસ્તકની અંદર જે કાંઈ ભુલચુક જણાવવામાં આવ્યા હો, તે દરેક સજ્જની માન્ય કરી લેવા, એવો મારો લેશ માત્ર પણ આગ્રહ નથી કેમકે હું તો એક ભુલથી ભરેલો છદમસ્ત પ્રાણી છું, પણ જે સુજ્ઞ હું પણ કહું તે ઉપર પૂર્ણ વિચાર કરવો જોઈએ, તો સારો ફાયદો છે, ત્યાર બાદ જે વાત વાજબી લાગે તે કેવળ નિષ્પક્ષપાત બુદ્ધિથી ગ્રહણ કરવી, અને બાકી જે ભુલ જણાય તે ઉપર નિષ્પક્ષીપણાથી પ્રકાશ પાડનારને અંતઃ જ્ઞાનના દાતાર તરીકે આ ઉપકારી ગણીશ

કચ્છ મોટી પક્ષના એક મુનિએ (જેમણે પરમ સેવા અર્થે પોતાનું નામ બહાર પાડવાં મને મનાઈ કરેલ છે) આ પુસ્તક પુરૂ વાંચી તેમાં કેટલીક નોટ કરવા તસ્દી લીધી છે, આ પુસ્તકની અંદર [ ] આ પ્રમાણે કૌંસની અંદર જેટલું તમામ લખાણ તે મુનિશ્રીનું છે.

લી. પરમ ગુરૂભક્તધારી તમામ સંતોનો
ચરણરજ દાસાનુદાસ સેવક,
કરસનજી નંદલાલ શાહ.

प्रमाण वचनो.

आवश्यक

१ समणेण सावएणय, अवस्स कायव्वं हवइ जम्हा,
अंतो अहो निसस्सय, तम्हा "आवस्सयं" नाम.

२ स्वस्थानात् परस्थानम्, प्रमादस्य वशाद्गतः,
तत्रैव क्रमणः भूयः "प्रतिक्रमण" मुच्यते. १

सामायिक × × × × ×

३ सावज्ज जोग परिवज्जओ, समयस्स दरिद्धियस्स "सामाइयं"

४ जो समो सव्वभूएसु. तसेसु थावरेसु य;
तस्स "सामाइयं" होइ. इइ केवलि भासियं.

૫ દ્રવ્ય ભાવ વિધી સદ્ગુણ, લિયે પ્રતિજ્ઞા—દેહ,
તજી મમતા સમતા ધરે, અન્તર શુદ્ધ એહ.
જે અરિ મિત્ર સમાન ચિત્ત હૈ. આરત રૌદ્ર ધ્યાન નિવારે,
સંજમ વંછિત ભાવના ભાવે, સો સામાયિક શુદ્ધ કહાવે.

કૃષ્ણભારતી

१२ सामाइएणं भंते जीवे किं जणइ !
सामाइएण सावद्ययोग विरइ जणयइ,

१३ चउवीस उएण भंते किं जणयइ !
चउवीसथ्थएण दंसण विसोहि जणयइ,

१४ वंदणेण भंते किं जणयइ !
वंदणाएणं नियागोयं कम्मं खवेइ, उच्चागोयं कम्मं. निबंधइ, सोहंगंचणं अप्पडिहय आणाफलंनिवत्तेइ, दाहिण भावंचणंजणयइ.

१५ पडिक्कमणेणं भंते ! जीवे किंजणयइ !
पडिक्कमणेणं वयछिदाइं पिहेइ, पिहियवयछिदे पुणजीवे, निसद्धासवे असबल चरित्ते, अट्ठसुपवयण मायासु उवउत्ते अपुहत्ते, सुपाणिहिए विहरइ.

१६ काउसग्गेणं भंते ! जीवे किं जणयइ !
काउस्सग्गेणं तीयपडुप्पन्नं पायच्छित्तं विसोहेइ, विसुद्ध पायच्छित्तेय, जीवे निव्वुयहियए, ओहरीय भरव्व भारवहे, पसत्यज्झाणोवगए सुहं सुहेणं विहरइ.

જવાબ—પાપ કરતી વખતે ચેતતા રહેવું એ વાત ખરી છે, તો પણ ગમે તેટલા ચેતેલા માણસને પણ પ્રતિક્રમણ કરવું જ પડશે, કેમકે તાળું દઈ રાખેલું મકાન કેટલેક દિવસે ખોલતાં તેમાં કચરો માલુમ પડે છે, જો કે ખુલ્લા મકાન જેટલો નહિં; તેમ પાપની સર્વથા પ્રકારે બાધીવાળા પુરૂષોને પણ પાપ લાગી જાય છે, મિથ્યાત્વ અવ્રત, પ્રમાદ, કષાય, અશુભયોગનું સેવન છે, ત્યાંજ પાપનું સ્થાન છે.

પ્રતિક્રમણના સંબંધમાં બીજા પક્ષની ભૂલ.

કોઈ કોઈ એવું પણ કહે છે કે જેને પ્રતિક્રમણ આવડયું તે ગમે તેટલાં પાપ કરે તો પણ વાંધો નહિ, કેમકે તેને પાપ ધોવાની કળા આવડે છે એટલે મિચ્છામી દુક્કડં બોલતાં આવડે છે આ પણ એક મોટી ભૂલ છે, ઘરમાં ગમે તેટલો સાબુ હોય અને કપડું ગમે એવું ધોતાં આવડતું હોય, તેથી કરીને કાંઈ જાણી જોઈને કપડું મેલું કરાય નહિં. વળી ઉપરાંત જો ઘરના પછી દોષ

એટલે પખવાડીઆ દરમિયાન લાગેલા પાપની માફી.

૪. ચોમાસી—ચાર માસ દરમિયાન લાગેલા પાપની માફી

૫. સંવત્સરી—વર્ષ દરમિયાન લાગેલા પાપની માફી.

પ્રતિક્રમણના બીજી રીતે ભાગ.

જેમ નિશાળની અંદર ભણનાર ચોપડી ગણી, ઇતિહાસ વાંચે, ભૂમિતિ વાંચે, વગેરે ગમે તે વિષય વાંચે કે પાઠ વાંચે, તે બધું ક્રમ મુજબ છે એટલે ચોપડીમાં આવેલ તે પણ પાઠ કહેવાય, અને ભણવામાં આવતા બધા વિષયને ક્રમસર પણ પાઠ કહે છે. તેમ છ આવશ્યક છે તેને બધાંને પણ પ્રતિક્રમણ કહે છે અને છ બાકીના ક્રિયાને પણ પ્રતિક્રમણ કહેવાય એ પણ એમનના ઉદાહરણ પ્રમાણે બનેલ હોય છે, તે તે છ આવશ્યકમાં આવેલા પાપ તો આમ ધ્યાનમાં લઈ ત્યારે થઈ શકે, પણ ચોથું આવશ્યક જ નામ પ્રતિક્રમણ છે તે આવશ્યક સિવાય છ એ આવશ્યક કયા કહેવાય છે અને પ્રતિક્રમણ શા છે, તે છ આવશ્યક કયા કયા?

असबलचारित्ते अट्ठसु पवयणमायासु उवउत्ते अपुहत्ते सुप्पणिहिए विहरइ.

હે કૃપાળુ ગુરૂદેવ! પ્રતિક્રમણ કરવાથી જીવાત્મા શું ફલ ઉપજે?

હે શિષ્ય! અતિચારાદિ છિદ્રો ઢાંકે અર્થાત્ છિદ્ર રહીત થાય તેથી આ જીવ હિંસાદીક આશ્રવનું આવાગમન રોકે, નિર્મળ ચરિત્ર પાળી શકે, આઠ પ્રવચનને વિષે સાવધાન રહી શકે, સંયમ પાળવામાં આળસ રહિત રહે એટલે સન્માર્ગને વિષે ઇંદ્રિયોને સ્થાપિત કરીને સંયમ જીવન નિર્વહે.]

ઉત્તરાધ્યયન ૨૯ પ્રશ્ન ૧૧ મું.

કેટલાકો જેને પ્રતિક્રમણ આવડતું હોય નહિ તેવા અથવા અર્થ કે સમજણ વગર ફક્ત પાઠો આવડતા હોય તેવા લોકો તો શુદ્ધ નહોતા પ્રતિક્રમણ કર્યા જાય છે, પણ અર્થ અને ભાષાંતર વાંચી કોઈ કોઈ જીજ્ઞાસુને એમ શંકા થાય છે કે આ જુના પાઠોમાં જે નીયમો બોલવામાં આવે છે, તેવા વ્રત જેણે લીધેલ ન હોય તેને તો પછી ફક્ત ઉચ્ચારણ કરવું તે તો ફારસ જેવું મનાય, માટે જેણે વ્રત આદર્યું હોય તેજ પ્રતિક્રમણ કરે બીજાને જરૂર નથી.

જવાબઃ—૧ પ્રતિક્રમણ કોણ કરે અને કોણ કરે તે વિચારવાનું મન પ્રતિક્રમણ સાંભળનારને થાય કે ન સાંભળનારને થાય? [દસવિકાલીક સુત્રમાં ફરમાન છે કેઃ-

सुच्चा जाणइ कल्याणं, सुच्चा जाणइ पावगं
नुभयंति जाणइ सोच्चा, जं सेयंतं समायरे.

ભાવાર્થઃ—શ્રેય અને અશ્રેયનો રસ્તો સાંભળવાથી અગર ઉચ્ચ જીવન અને પશુ જીવન સેવવાનું સાંભળવાથી ખ્યાલ આવે છે. બે રસ્તામાં શ્રેય અને ઉચ્ચ જીવનનો રસ્તો આદરવો.]

૨. જે વૃતો આળવીયે છીએ તે કેવાં સ્વરૂપનાં છે ને તે આપણે નથી ધરાવતા તેથી પ્રતિક્રમણ કરવાની પુરી લાયકાત મેળવવાનો પ્રયત્ન કરવાની ઇચ્છા પ્રતિક્રમણ કરનારને થાય કે ન કરનારને થાય ?

૩. આળવવું શબ્દના બે અર્થ થાય છે, આળવવું એટલે પસતાવો કરવો એમ પણ થાય છે અને, કહી જવું, વિચારવું પસ્તાવું પણ થાય છે. તો તે બીજા અર્થ પ્રમાણે પ્રતિક્રમણ આવશ્યક સૂત્ર છે તેથી તે બોલવાથી કે સાંભળવાથી સઝાય પણ થાય છે.

૪. નીચે બતાવેલી ત્રણ પ્રકારની દવાઓ થાય છે. તેમાં પ્રતિક્રમણની ૩ જા પ્રકારની દવા છે.

૧ એક એવા પ્રકારની દવા છે કે રોગી ખાય તો રોગ જાય પણ નિરોગી ખાય તો ઉલટી વીપરીત પડે.

૨ બીજી એવી જાતની દવા છે કે રોગી ખાય તો રોગ જાય પણ નિરોગી ખાય તો નહો નુકશાન નહીં ફકત દવાનું ખર્ચ વ્યર્થ જાય.

૩ ત્રીજી એવા પ્રકારની દવા છે કે તે રોગી ખાય તો રોગ જાય પણ નિરોગીને તે દવા ખાવાથી રોગ થતો અટકે.

આ પ્રમાણે પ્રતિક્રમણ સાંભળવાથીજ વ્રત વિગેરે આદરવાનો પ્રસંગ આવે છે, એટલે પ્રતિક્રમણ ત્રીજા પ્રકારની દવા બરાબર છે. હવે એક સવાલ એ આવે છે કે વ્રતના પાઠ બોલવા, કેમકે વખતે આદરવાનો પ્રસંગ આવે, પણ સંથારાનો પ્રસંગ તો છેવટ અવસાન વખતેજ આવે છે તે પાઠ બોલવાની શી જરૂર છે?

જવાબઃ—દરેક માણસને મરવું તે વાત ચોક્કસ છે એટલે સંથારાનો પ્રસંગ આવવાનોજ, એમાં લેશ માત્ર શંકા નથી. પણ દરેક લશ્કરને કાંઇ લડવા જવુંજ

આદી છ પર્યાપ્તી જેટલી બાંધેલી હોય તેટલી પુરી કરે તે આયુષ્ય કર્મ.

આત્માનું શુધ્ધ સ્વરૂપ નારકી, તીર્યંચ, એકેંદ્રિ આદી ગતિ રૂપે ઓળખાય તે નામ કર્મ.

ઉંચો, નીચો, વિગેરે સંજ્ઞા અગર વિશેષણથી ઓળખાય તે ગોત્ર કર્મ.

જેને કોઇપણ ધારેલા કામમાં અડચણ આવેથી લબ્ધી, શક્તિનો સ્વતંત્ર ઉપયોગ ન કરી શકાય તે અંતરાય કર્મ.

આ આઠેય કર્મને બાંધનાર તથા છોડનાર જીવ પોતેજ છે, અને જ્યારે સુખ દુઃખનો આધાર પોતાનાં કરમ ઉપરજ છે એટલે સુખ દુઃખનો ઉત્પાદક પણ સહુ સહુને આત્મા છે. આવી સમજણ જેના અંગમાં ઉંડી ઉતરેલી હોય છે તે જીવ કદી કોઇનો વાંક દેખતોજ નથી. તે આઠ કર્મ માંહેલા જ્ઞાનાવરણી, દર્શનાવરણી, મોહની, અંતરાય એ ચાર કર્મ અરિહંત દેવે ખપાવેલા છે અને બાકીનાં ચાર રહ્યાં તે શેકેલા દાણા સમાન નીર્બીજ છે, અથવા બળેલ સીંદરીનો જુઠો કરતાં વાર લાગે તેમ નથી, તેમજ બાકી રહેલા ચાર એટલીવારમાં ખપાવી અરિહંત દેવ સિદ્ધિ વરનાર છે.

ભાષામાં બોધ કરે, તે દરેક જીવ પોતે પોતાની ભાષામાં સમજે તેનો દ્રષ્ટ દાખલો:—

પાંચ બાઈઓ હતી તેમાંથી દરેક બાઈઓએ એક મુસાફરને જુદો જુદો પ્રશ્ન પુછયો, પેહેલી બાઈએ કહ્યું કે, હે મુસાફર! ઘણી જાતના ખેડુત થાય છે તેમાં ઉત્તમ કયો ખેડુત? બીજી બાઈએ પુછયું, ઘોડો સરસ કયો? ત્રીજીએ પુછયું? સુવાનો ખાટલો શોભીતો કયો? ચોથીએ પુછયું, નીશાળીઓ શોભીતો કયો? અને પાંચમીએ પુછયું, લશ્કરનો સરદાર સરસ કયો? એવી રીતે દરેકે પુછી લીધું ત્યારે મુસાફરે એક દુહામાં જવાબ આપ્યો કે—

ખેડુત, ઘોડો, ખાટલો, નિશાળીઓ, સીરદાર;
શોભે સઘળાં હોય જે, પટે પાટીદાર.

એ સાંભળી પહેલી બાઈ સમજી ગઈ કે પાટીદાર ખેડુત સરસ, બીજી એમ સમજી કે પાટીદાર ઘોડો એટલે પાટી લેઈ દોડનાર સરસ, ત્રીજી એમ સમજી કે પાટીવાળો ખાટલો સરસ, ચોથી એમ સમજી કે નિશાળીઓ પાટીદાર એટલે જેના હાથમાં સ્લેટ હોય તે સરસ, પાંચમી બાઈ એમ સમજી કે સરદાર પાટીવાળો સરસ.

તેવા ગુરૂની ઓળખાણ કરાવનારા અરિહંત છે, તેથી પેહેલા તે વંદનીક છે, કેમકે :—

દુહા.

ગુરૂ ગોવીંદ દોનું ખડે, કીનકુ લાગું પાય;
પ્રથમ નમું ગુરૂરાજકું, જીનને ગોવીંદ દીયા બતાય.

આવું આગમતીમાં પણ ફરમાન છે, ત્યારે પછી વિનય જૈન સાસણો મૂળો જૈન માર્ગ જેનું મુળ વિનયજ છે તેમાં પુછવુંજ શું ? માટે દરેક બાબતમાં પ્રથમ ઉપકાર તો રસ્તો બતાવનારનો છે, નહિ કે વધારે ઉંચા પદવાળાનો. આ ઉપરથી વળી એવો એક અર્થ છે કે જેમ સિદ્ધ ભગવાન મોક્ષ પધાર્યા છે, પણ તેની ઓળખાણ કરાવનાર તો અરિહંત દેવ છે તથા તે તિર્થના સ્થાપનાર—પ્રવર્તાવનાર અરિહંત, તેમ અરિહંતદેવ તો મહા વિદેહ ક્ષેત્રમાં બીરાજે છે ને અહીં તેની પણ ઓળખાણ કરાવનાર તો સામાન્ય સાધુ છે. તો ઉપરના ખુલાસાને અનુસરી પ્રથમ નમસ્કાર અહીં બીરાજતા સામાન્ય સાધુઓને કરવા જોઇએ, છતાં નવકાર મંત્રમાં અરિહંતને વંદન પ્રથમ કેમ છે ? જો રસ્તો બતાવનારને પ્રથમ નમસ્કાર કરે તો સામાન્ય સાધુને પ્રથમ નમસ્કાર જોઇએ, અને

અરેથી વતી કર્મ સમુહને ઉદીરણ આદી કરી બાહેર લાવવા એટલે તપ સન્મુખ મુકવા એ કામ ક્રિયાનુંજ છે, ત્યારે તપ કે ક્રિયા તો કર્મ ખપાવવા માટેજ છે.

સિદ્ધ ભગવાનની સંખ્યા વધારે કે અરિહંતની છે?

અરિહંતની સંખ્ય વધારે કેમ થાય! કારણ કે જેમ નવા અરિહંત થયા તેમ જુના અરિહંત મોક્ષે જાય એટલે સિદ્ધ થાય. માટે જેટલા સિદ્ધ થાય તેટલા ઘટે, એટલે કાંઈક સંખ્યા ઘટે ને કાંઈક વધે, પણ સિદ્ધ નવા થાય ખરા પણ જુનાને પણ ક્યાંય જવાનું નથી, એટલે તે સંખ્યા તો વધતી જાય પણ તે જગ્યા રોકે નહિ જ્યોતમાં જ્યોત સમાઇ જાય, જેમકે સમુદ્રમાં પ્રતિમળે સંખ્યાની નદીઓનું ક્યાં ક્યાંથી વહન થઈ બેસુમાર પાણી આવે છે, ચાતુર્માસમાં તો પાણીનો જથ્થો એટલો હોય છે કે નદીઓમાં પણ સમાવાની ભ્રાંતી ઉપજે છે, પણ તે નદીઓનું પાણી સમુદ્રના કયા ખુણામાં સમાય છે તેની ગમ પડતી નથી, તેમ આટલી

જવાબ—[આચાર્ય પ્રભુ આઠ સંપદાએ સંપન્ન
...વાથી પાંચ મહાવ્રતો વગેરેની સંપદા-સંયમ તેજ
...ટેલ છે, જેની પ્રભા, આતાપ, આત્મિક બળ વધારે
...ર્મળ હોવાથી આદર્શ પુરૂષ જાણવા, અને સંપદાને
...ટલે અંશે પરિણમાવી ન શક્યા હોય ત્યાંસુધી મુની મહા-
...જ જાણવા. અર્થાત્ તે તે ગુણવાળો, દ્રષ્ટિ, ક્રિયા,
...વ્યવહાર, વાણી ગુણ પરિણમવાથી થાય છે]

नमो उवज्झायाणं=ઉપાધ્યાયજીને નમસ્કાર હોજો.

ઉપાધ્યાયજી અગીયાર અંગ, બાર ઉપાંગ ભણે અને
...ભણાવે તેને કહેવાય છે. તે ઉપાધ્યાયજી ૨૫ ગુણે કરી
...સહીત છે.

नमो लोए सव्वसाहुणं=આ લોકને વીષે સર્વ સાધુ
સાધ્વીને નમસ્કાર.

અહા ! કેવી મોટું મન રાખવાની ચાવી ! ગુરૂ ગોસાણી
ઉપર ધર્મ પ્રેમી થવાને બદલે, ધર્મ ઘેલા બની રાગ
દ્વેષ વધારનારા મનુષ્યો, આ છેલા શબ્દો ઉપર જરા
શાંતિ વિચાર કરેતો સ્પષ્ટ સમજાય છે, એમાં તે સંઘાડાને
નમસ્કાર છે કે લોકમાં સર્વ સાધુ સાધ્વીને !

અરે કોઇ પણ સંઘાડા બાદ કરેલ છે ખરો ! તો

બધા ભવનાં બધાં કર્મોની નિર્જરા થઈ જાય છે. ઘણા ખરા જુવાન અવસ્થાવાળાને ચોવીસ કલાકમાં એકજ કલાક નીવૃત્તિ મળવા છતાં તે કલાકમાં પણ કેટલાક માણસો માળા ફેરવી દીએ છે. માળામાં કાંઈ ખોટું નથી તે પણ તીર્થંકરને યાદ કરવાનું એક સાધન છે, ને કર્મ ખપાવવાનો એક રસ્તો છે. પણ જે માણસો અવસ્થાને લઈને બીજો વધારે અભ્યાસ કરવાને લાયક ન રહ્યા હોય, તે સામાયકનો કલાક આળસમાં કાઢવાને બદલે માળામાં કાઢે તો તો સારૂં, પણ જેનામાં અભ્યાસ કરવાની શક્તિ છે, તેવાને કેવળ માળામાં રાખી દેવા તેનો ન્યાયાધીશને ઝાડુ કાઢવાનું કામ સોંપવા જેવું પરાક્રમ છે. જ્ઞાન તે સઘળી ક્રિયાનું મૂળ છે. ધર્મનું મૂળ દયા છે. पढमं नाणं तओ दया પ્રથમ જ્ઞાન ને પછી દયા એવું શ્રી દસવૈકાલીક સૂત્રનું ફરમાન છે, માટે સામાયકનો કલાક તો જ્ઞાન મેળવવામાં કાઢવો જોઈએ.

અંજલી કરવી, મસ્તક નમાવવું, પંચાંગ નમાવી વાંદવું, પુજ્યભાવના વિવેક સાથ બતાવવો. આ બધા વંદનના પ્રકાર છે.]

દરેક કામ કરવાની વીધી જાણવી જોઈએ, અને વિધી પૂર્વક જે કામ ન કરવામાં આવે તે કામ સારૂં થતું નથી. માટે વંદન કરવાની વિધીના પાઠને વિખુત્તો કહે છે. ત્રણ પ્રકારની વંદણા થાય છે. તેમાં પ્રથમ પ્રકાર તે તિખુતોનો પાઠ, બીજો ઇચ્છામીખમાસમણો અને ત્રીજો નમોત્થુણં.

तिखुत्तो	ત્રણ વખત-વંદન ત્રણ વખત કરવું.
आयाहिणं पयाहिणं	આદાને કરી જમણા કાનથી તે ડાબા કાન સુધી પ્રદક્ષિણા કરીને વંદન કરવું.
वंदामी	વંદુ છું.

નોટઃ—[वंदइ नमोक्कारो मणसावी मम पसारय ।
મનની શાન્તિવડે ઉલ્લાસ લાવીને મધ્યપદલોપ
ગુણોનું ઉત્કીર્તન-સ્તવન કરવું તે નમસ્કાર]

नमंसामि	નમસ્કાર કરું છું.
सक्कारेमि	સત્કાર આપું છું. (સારાં વસ્ત્ર વગેરે).

નથી. પાપથી ડરે તે પંડીત. ૩૨ સિદ્ધાંત કડકડ મુખપાઠ કરે તે નહિ. (પંડીતનો આ ઠેકાણે અર્થ કેટલાક મૂર્તિ કરે છે, તે સંભવિત નથી.)

પજુશાસ્ત્રામિ—હે મહારાજ તમારી સેવા અંગિકરૂં છું.

પંડીત તથા મંડુકાની ચીઠીનો પાઠ પુરો થયો. હવે પ્રતિક્રમણનો પહેલો આઉઠ્ઠાણ સામાયક તેનો પાઠ આવે છે.

પ્રશ્ન—સામાયકમાં અને પ્રતિક્રમણમાં ફેર શું?

જવાબ—પ્રતિક્રમણ એટલે પાપની માફી. હવે આપણું ધારો કોઇના મકાનમાં કચરો વેરાઇ ગયો હોય, અને તે કાર્યને માટે માફી માગવી હોય તો, પ્રથમ કચરો વેરવાનું કામ બંધ કરવું જોઇએ, ત્યાર બાદ માફી મંગાય, પણ કચરો વેરતાં વેરતાં માફી મગાય નહીં. તેમ જો પાપની માફી માગવી હોય તો પ્રથમ પાપ બંધ કરવું જોઇએ. આ પ્રમાણે પાપ બંધ કરવું તેનું નામ સામાયક પ્રતિક્રમણ એટલે પાપની બંધી તથા માફી. અને સામાયક એટલે ફક્ત પાપની બંધી, માટે પ્રથમ પાઠ સામાયકનો બોલાય છે.

અવૃતી ન બેસવું માટે પ્રથમથી સામાયક બાંધી લીએ છે, પણ જો તેમ ન કરે તોપણ પડીક્રમણાના પહેલા પાદમાં સામાયકનું બંધન આવી જાય છે, અને ગમે તે વેષમાં પાપની બંધી થઈ શકે છે. પણ જેમ માંડવા વગેરે અવસર સાચવ્યા વગરનો વિવાહ નિઃરસ લાગે છે, તેમ આ પચ્ચખાણનું થાય, ને સામાન્ય વેષવાળાને માણસો વૃતમાં છે એમ જાણે નહી, તેથી સાંસારીક કામમાંથી વિરક્ત રહેવાનું કામ વખતે વિવેકની ખામી વાળું ગણે. તોપણ જતના રાખવાનું સાધન તો જોઇએ, અને સચેત ચીજ પાસે ન જોઇએ, સામાયક એટલે પાપની બંધી, અને દિક્ષા એટલે પણ પાપની બંધી, અને સંવર એટલે પણ પ.પની બધી. પણ દિક્ષામાં પાપની નવકોટીથી જાવજીવ બધી. સામાયકમાં આઠ કોટીથી કે છકોટીથી એ.છ.માં ઓછી બે ઘડીની બંધી, અને સંવર એટલે પ.પની ગમે તેટલા વખત માટે બંધી.

કચ્છના રંગ બેરંગી કશીદાવાળા ગુચ્છા, મારવાડ-દક્ષિણમાં જરીવાળી મુખપત્રિકા અને સોના, મોતી, ચાંદીની માળાઓ છે, તે પ્રમાણે કોઇપણ જાતનો મોહ ઉપજે એવો વેષ સામાયકમાં જોઇએજ નહી. પોતાનું મન ગમે તેટલી વિરક્ત દશાને પ્રાપ્ત થયું હોય, પણ મોહ દશા ઉત્પન્ન થવી તે કેવળ પોતાનાજ મન ઉપર આધાર નથી. પણ બીજા સંખ્યાબંધ જોનારાના મન ઉપર આધાર છે. કોઈ કીમતિ ઉપધી સાથે હોય તો જીવ તેમાં વળગી રહે છે. ચોરી કરનારાઓને પ્રસંગ મળે, તે ચીજ જાય તો નુકશાન થાય, મન પ્રણામ મેલાં પડે ને ધર્મની હાની થાય. માટે સામાયકમાં નીચે મુજબ ચીજથી વધારે કોઈ ચીજ રાખવી નહી.

(૧) પહેરેલ કપડું, (૨) ઓઢેલ કપડું, (૩) મુહપત્તિ, (૪) પાથરણું, (૫) ગુચ્છો, (૬) રજોહરણ, (૭) વાંચવાનાં પુસ્તક, નાકયો, નોટ વીગેરે, (૮) કાંઈ પાપ ન લાગે તેવું લખવું હોય તો પાપ ન લાગે તેવાં લખવાનાં સાધન, (૯) ચશ્માની જરૂર હોય તો તે. (૧૦) ઘડી કે ઘડીઆળ. (આ દશનું ન રખાય તો ઉત્તમ).

(સ્ત્રી જાતીનાં વસ્ત્રો રંગ બેરંગી ધોયેલા અને મોહક હોવા છતાં તેઓ કમીયાં તેવાંજ વસ્ત્રો પહેરે છે,

એક વર્ષ અને જાવજ્જીવ સુધીની છે. તેમ તે ચોકડીઓ અનુક્રમે કેવળજ્ઞાની, સર્વવૃત્તિપણું, દેશવૃત્તિપણું અને સમકિતને પ્રગટ થવા ન દે.] .

લી. શિષ્ય.

पडिक्कमीउं ठाएमि પાપનો પસ્તાવો કરૂં છું અનેરાને કરાવું છું.

देवसि દિવસ સંબંધી.

ज्ञान જ્ઞાન.

दरसण દર્શણ.

चारित्र ચારિત્ર.

तप તપને વિષે.

अतिचार चिंतवनार्थ करेमि काउसग्गं જે દોષ લાગ્યો હોય તેનું ચિંતવન કરવા માટે કાઉસગ્ગ કરૂં છું.

જેમ દ્રવ્ય, કમાણીનું સરવૈયું કાઢવા માટે પોતાની સર્વ પ્રકારની મિલકત ધ્યાનમાં લેવામાં આવે છે, તેમ આત્મ કમાણીમાં મુદ્દી ૪ પ્રકારે છે. તેમાં પ્રથમ જ્ઞાન–જ્ઞાનની ૮ જાત છે. તેમાં ૩ જાતનાં જ્ઞાન આત્માની કમાણીમાં ઉપયોગી નથી. અને જે જ્ઞાન સમકિત એટલે શુદ્ધ સમજણ સહિત છે, તે આત્મકમાણીનું સાધન છે

ન બને તે તપ વગર રહે છે, માટે તપનું સ્વરૂપ જેમ વધારે ઓળખાય તેમ તપ કરવાની વધારે સમજ આવે છે. તપના મુખ્ય ભેદ બે છે. (૧) બાહ્યતપ. (૨) અભ્યંતર તપ.

બાહ્યતપ—

એટલે જે ઉપરથી દેખાય પણ શરીરને કષ્ટ વધારે અને લાભ ઓછો, ત્રાંબા નાણાની માફક, જેને સાચવવામાં ભાર ઘણો ને મુલ્ય નહીં તે બાહ્યતપના છ પ્રકાર—

૧ અણુસણ—અહારનો ત્યાગ, ઓછામાં ઓછો ગમે તેટલી મુદતને માટે અને વધુમાં વધુ જાવજીવ એટલે સંથારાને પણ અણુસણ કહે છે. અપવાસ, પોષો, એકટાણું, તમામ તપ ઠેઠ સંથારા સુધી આમાં સમાઇ જાય છે. બાર પ્રકારના તપમાં કોઇ સ્થળે અપવાસ કે ચોવિહાર એવું નામ છે નહિ, તો શું પછે તે તપ નહિ? તે તપ ખરોજ. પણ અણુસણમાં તેનો સમાવેશ છે.

૨ ઉણોદરી—આહારનું ત્યાગ ન બન્યું અને તપ કરવો હોય તો પેટ ઉણું રાખવું. જેટલું ખાઈ શકાય તેથી ઓછું ખાવું એટલે શરીર નીરોગી ને ખર્ચ પણ ઓછું થાય. લોભી માણસની માફક ઘર બચાવવા માટે ઉણું રહેવું એ ઉણોદરી તપ નથી, પણ દાનના અવસરે દાન આપી તે વસ્તુ મેળવવા ફરીથી ઉઠી તરખડમાં ન ઉતરવું; ઉપકરણ અને આહાર કમી કરવાથી આ તપ નીપજે છે.

૩ વૃતિસંક્ષેપ—કોઇ પણ જાતની અશુભ વૃતી થાય તેને દબાવવી. સહનશીલતા, સમાનભાવ, અને ઇંદ્રીનીગ્રહ, આ તપથી કરી શકાય છે.

૪ રસપરિત્યાગ—જુદી જુદી જાતના રસમાંથી અને તેટલી રીતે માનસિક વૃતી, અને રસનાઇંદ્રીને તેમાં લીન થવા ન દે.

૫ કાય ક્લેશ—ચીત્તનો ઉત્સાહ (વીર્યઉલ્હાસ) અને ઉપયોગ—સાવધાનતા—તન્મયપણાથી જુદા જુદા આસન વીગેરે કરીને મળશુદ્ધિ, વીકાર શુદ્ધિ કરી દેહની નસાઓમાં રહેલા પ્રમાદાદી દુર્ગુણોની જડતાને ટાળે.

આવે. શાસ્ત્ર ક્રમ વિશેષ વધે. તે વાંચવાથી પુછવાથી, સંભાળવાથી, સમજવા-સમજાવવાથી થાય છે.

૫ ધ્યાન—કોઈપણ વસ્તુની વિચારણા અંતઃકરણમાં કરવી, તે ધ્યાન. આ શુભને અશુભ બે પ્રકારે છે. તેમાં શુભ વસ્તુમાં સ્વરૂપનું યથાર્થ નિરીક્ષણ કરી અંતઃકરણમાં વિચારણા કરવી, ને ધર્મ ધ્યાન અને નીર્મળ આત્મસુખ સ્વરૂપનું પ્રગટ સાક્ષાત્કાર કરવું, તેનું નામ શુક્લ ધ્યાન.

૬ કાઉસગ્ગ—કાયાને વોસરાવી તે ઉપરથી મુર્છા ઉતારી સ્થીર રહી અમુક સ્મરણ કરવું. એકાગ્રભાવે.

નોટ—જ્ઞાન, દર્શન, ચારીત્ર, તપ, વીર્ય અને ઉપયોગની શુદ્ધિ કરવા, કર્મ આવરણ છેદન કરવા જે તપનો ઉપયોગ લેવા-કરવામાં આવે તે અભ્યંતર તપ છે. મન ઇંદ્રિયો, યોગવૃત્તિનો અન્યસ્થાને થતો જેર ઉપયોગ તેને કબજામાં લાવવા માટે જે સાધન—તપનો ઉપયોગ કરવામાં આવે તે બાહ્યતપ.

લાભહેતુઃ—વિનય તપ કરવાથી બુદ્ધિ નિર્મળ થાય, નિર્મળ

करेमि	करूं छुं.
भंते	हे पूज्य !

सामाइयं सावज्जोगं पच्चखामि–सावद्यजोग १८ पापनां पच्चखाण करूं छुं.

जावनियम–नियम छे त्यां सुधी, ओछामां ओछी घडी वधुमा वधु जाव जीव.

पज्जुवासामि	सेवा करूं छुं.
दुविहं	बे करण.
तिविहेणं	त्रण जोग.
नकरेमि	हुं पोते करूं नही.
नकारवेमि	अनेरा पासे करावुं नही ते बे करण.

मणसा, वयसा, कायसा मन, वचन ने कायाथी ते त्रण जोग.

तस्सभंते	ते प्रमादथी हे पूज्य.
पडिकमामि	पडी कमुं छुं.
निंदामी	निंदु छुं.

नोट:–[निन्दणयाएणं भंते जीवे किं जणयइ ।
निन्दणयाएणं पच्छाणुतावं जणयइ ॥

पच्छाणुतावेणं विरज्जमाणे, करणगुणसेढिं पडिवज्जइ। करणगुण सेढी पडिवन्ने य णं, अणगारे मोहणिज्जं कम्मं उग्घाएइ ॥

શિષ્ય પ્રશ્ન—હે પૂજ્યપાદ ભગવાન? કરવાની અનીચ્છા તથાપિ થયેલા દોષો નિંદાય અને વખોડાય તો જીવ શું ફળ પ્રાપ્ત કરે?

ગુરૂ ઉત્તર—હે પ્રશ્ન કર્તા આયુષ્યમાન્? થયેલા (કરેલા નહીં, કારણ જે દોષો કરેલા હોય તો નિંદા ન બની શકે, પણ પ્રાયશ્ચિત એજ મનોશુદ્ધિ માટે ઉપાય છે) દોષોને વખોડવાથી, અનુચિત જણવાથી, તિરસ્કારની લાગણી ઉપજવાથી અને હૃદયમાં કંપ થવાથી પશ્ચાત્તાપ (જેમ આવેશવશાત્ દોષો સેવાઇ ગયા હોય તે જેમ, આવેશ, ધીમે પડતાં) આદિ પેદા થાય છે; આથીથી વૈરાગ્ય ઉપજે છે, વૈરાગ્ય રંગ આવવાથી અપૂર્વ કરણ ગુણશ્રેણી અંગીકાર કરે; જેથી અપૂર્વ ગુણશ્રેણી વર્તન અનુસાર દર્શન-મોહનીયાદિ આઠ કર્મનો નાશ કરે છે]

गरहापि ગરહું છું.

દરેક જાતનાં પચ્ચખાણમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવ ઓળખવાંજ જોઇએ અને કરી બોલે નહી તો ચરપાતો જોઇએ. તે પ્રમાણે સામાયકના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવ બતાવું છું.

દ્રવ્યથી-૧૮ પાપના પચ્ચખાણ. (સાધુને પણ તેમ).
ક્ષેત્રથી-લોકમાં કોઇપણ સ્થળે પાપ થઈ શકે નહી.
કાળથી-બપે તેટલો વખત. (સાધુને જાવ જીવ).
ભાવથી-આઠ કોટી કે છ કોટી. (સાધુને નવ કોટી).

અઢાર પાપનાં નામ જાણવાની અહીં જરૂર છે. પાપનાં નામ જાણ્યા વગર સંવર થઇ શકે નહીં. કેમકે સુખડીની બાંધી જેને પાળવી હોય તેને જો સુખડીની પુરી ઓળખાણ ન હોય તો તે બાંધી તુટવાનીજ. વળી કોઇ કહે ગળી તે સુખડી. આવાં ઉપલક જાણપણાંથી તો પીપરમેંટ, દ્રાક્ષ, રેવડી, ઘેવર વીગેરે ખાનારને પણ આ માણસ દોષિત ગણે. માટે તે અઢારનાં નામ જાણ્યાં પાછીજ સામાયક થઇ શકે. માટે પહેલું પગથીઉં ધાર્મીક અભ્યાસનું ૧૮ પાપ શીખવાનું છે.

[illegible]

[illegible]—[illegible]

[illegible]

[illegible]

[illegible]

(૧) પૃથ્વિ, (૨) પાણી, (૩) અગ્નિ, (૪) વાયુ, (૫) વનસ્પતિ અને (૬) ત્રસ એટલે દરેક પ્રકારનો હાલતો ચાલતો જીવ તે ઉપરાંત દેવતા અને નારકી. આ માંહેલા કોઈ પણ જીવની હીંસા ન થાય, ત્યારે તો હજુ એક પાપ દૂર થયું. રાગ એટલે પ્રીતી. એર કરતાં રાગથી વધારે કર્મ બંધાય છે. બીજાં બધાં પાપ લાગી જાય છે તે આલોયણ, સંવર તપથી માફ થઈ શકે, પણ કોઈ માથે આળ ચડાવેલ હોય તે તો પોતા ઉપર એવાં આળ આવે તોજ છુટે. માટે હસતા હસતાં પણ કોઈપણ જીવ ઉપર આળ ચડાવતાં બહુ બીક રાખવાની છે. અઢારનું પાપ જ્યાંસુધી છે ત્યાંસુધી શ્રાવકપણુંજ નથી.

અઢારે પાપ તો સંવરમાં હોય ત્યારેજ તજાય, પણ છેલું તો સદાય તજવુંજ જોઇએ. નહીંતર શ્રાવકપણું છેજ નહીં.

જેમ કોઇને કપડું લેવું હોય તો ફક્ત લંબાઈ બોલવાથી પુરૂં સમજાય નહિં, પણ પનો, પોત ને ભાત પણ કહેવાં જોઇએ. તેમ દરેક પચ્ચખાણને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવ તે ચાર આસન જોઇએ. અને તે ચાર આસન સહુએ સહુની શક્તિ અનુસારે ભરવાનાં છે, સહુને માટે સામાન્ય હોઈ શકેજ નહિં.

મૂળ ભેદના ક્રિયાપદ વાપરીને કરાવી, એવું કોઇ બતાવશે? મેં હજુ બધાં શાસ્ત્રો જોયાં નથી તો આ બાબતમાં શાસ્ત્ર વિરૂધ્ધ કાંઇ બોલી જવાય તેથી નિશ્ચય તો લખતાં અટકું છું. પણ એટલું તો ચોક્કસ છે કે શાસ્ત્રમાં અપાયેલ પચ્ચખાણ જો સાધુએ આપેલ હોત તો તે ક્રિયાપદો પહેલા પુરૂષ એક વચનમાં ને મૂળ ભેદમાં હોયજ નહીં, અને પેહેલા પુરૂષ એક વચન મૂળભેદમાં ક્રિયાપદ વગર પચ્ચખાણ શાસ્ત્રમાં નજ હોય, તો તે સાધુના મોઢાના હોય નહિં, પણ પોત પોતાની મેળેજ કરેલાં હોય.

દાખલા તરીકે સામાયક પોતપોતાની મેળેજ આપે છે, કેટલાક કહે છે કે પોતાની મેળે પચ્ચખાણ લેવાં, તે અવિનય ગણાય. સિધ્ધાંતમાં પચ્ચખાણ આપવાનું શી રીતે છે, તે જાણ્યા પહેલાં આ બાબતમાં મત આપી શકાય નહી. જો સિધ્ધાંતમાં સહુએ મેળે લીધેલાં ઠરે તો પછી અવિનયનો કાંઇ વહેમ રહેતો નથી. અને જો સિધ્ધાંતમાં પહેલા પુરૂષ એક વચનના પ્રેરક ભેદના ક્રિયાપદ નિકળે; અથવા પોતે લીધેલ બંધન અને સામાએ આપેલ બંધનના પાઠમાં કાંઇ ફારફેર નિકળે તોપણ વિનય પુરેપુરો જાળવવોજ જોઇએ. પણ વિનય જાળવવા

ખોટું નથી. પણ ઠેકાણે ન આવડવા માટેજ મોટા પચ્ચખાણે, દિવસે સેંકડો માણસોને વ્યાખ્યાન સાંભળતાં હરકત આવે તે કરતાં (અવિનય ગણાતો ન હોય તો), પચ્ચખાણ મોટે અક્ષરે લખી સહુ વાંચી શકે તેમ ચોડવા (કાગળ ઉપર) તે શું ખોટું ? હવે જ્યારે માણસો કેટેક બાબતમાં શબ્દોના અર્થ સમજવા લાગ્યા, તેમાં ખાસ કરીને પચ્ચખાણના પાઠનો અર્થ સમજ્યા વગર હવે ચાલશે કે ? અને જે સાધુ પોતે બંધાવતા અસણં, પાણં વીગેરે નકારથી, નકારવેલી બોલે, તેનાથી ઘણી આહાર પાણી થાય છે ? આ કંઈ કાંઈ એકજ જગોએ નથી, પણ ઘણી જગોએ આવું ચાલે છે, તો હવે સિવાયને એ અવિનય થાય છે, એમ લાગતું હોય તો પુર્ણ ભેદ કરવાની જરૂર છે

(૨) કરણીથી ન બોલવાનું બીજું કારણ એ છે કે કોઈ પણ બાબતના ઉંડાણના વિચાર વગર પરંપરાએ એમ ચાલતું તેમ ચલાવ્યા કરવું એવો રીવાજ છે, પૂર્વે કોઈ વખતે ચોરને લીધે, કોઈ ઠંડુ ચાલતું માટે ચાલવે પણ ઠંડુ ચાલતું છે.

આ ઉપર એક હસવા લાયક દૃષ્ટાંત કહ્યા છે. એક વખત કેટલાક ખીલંબાઈ નીજાજ પણ એમ થયું.

[illegible]

[illegible]

[illegible]

* * *

છાપાથી બંધી એટલે શું?

[illegible]

કોટી કર્યાં જાય છે? પાંચમા, સાતમા વ્રતમાં છ કોટી કર્યાં જાય છે? સંથારામાં કેમ સર્વે નવ કોટી બોલે છે? કોટી એટલે કરણ અને યોગનો ગુણાકાર, કોટી એટલે ,પચ્ચખાણનું રક્ષણ કોટ = કીલ્લો જેથી રક્ષણ થાય. તેજ કરણકોટીથી મનુષ્યો અંધશ્રધ્ધાના શાસનમાં કર્મ બંધન કરે. એ પંચમ આરાના ચમત્કારની વાત નહી તો બીજું શું? જોગ ત્રણ છે. મન, વચન અને કાયા.

નોટ:—[૧ કાયિક પાપો—અસ્તેય, દેવગુરૂને વંદિ, હિંસા, ચોરી, પરપીડા, અબ્રહ્મચર્ય વિગેરે.

૨ વાચિક પાપો—નિંદા, મિથ્યા ભાષણ, અપ્રિય-હૃદયભેદક તપાવનારી ક્રૂર અને કઠોર વાણી, વિગેરે.

૩ માનસિક પાપો—દુર્વાસના, દુર્વિકાર, વિતર્ક તૃષ્ણા, અસૂયા—ક્રોધ આદિ ક્રૂર—હૃદપરિણામી ભાવો.]

કરણ પણ ત્રણ છે. કરવું, કરાવવું, અને રૂડું જાણવું. આ પ્રમાણે વધારેમાં વધારે નવ કોટી થાય. એટલે પહેરવાની માળા એક સરવાળી પણ હોય, અને નવ સરવાળી પણ હોય. જેમ વધારે સેરવાળી માળા પહેરે તેમ સારૂં, પણ પોતાને

, આ ૯ ભાંગામાં એકજ કરણ અને એકજ જોગ
ાંગ્યો એટલે ૧ × ૧ = એક કોટી કહેવાય અને એક
ાટી નવ જુદી રીતે થાય.

(૧૦) કરૂં નહીં મનથી, વચનથી. (૧૧) કરૂં નહીં વચનથી,
ાયાથી. (૧૨) કરૂં નહીં મનથી, કાયાથી. (૧૩) કરાવું
ાહીં મનથી, વચનથી. (૧૪) કરાવું નહીં મનથી કાયાથી.
૧૫) કરાવું નહીં વચનથી, કાયાથી. (૧૬) રૂડું જાણું નહીં
મનથી, વચનથી. (૧૭) રૂડું જાણું નહીં વચનથી કાયાથી.
૧૮) રૂડું જાણું નહીં મનથી, કાયાથી.

આ ભાંગામાં એક કરણ ને બે જોગ છે. એટલે ૧×૨=૨ કોટી
કહેવાય. બે કોટી પણ જુદી જુદી રીતે થાય. વળી બે કરણ ને
એક જોગ તે પણ ૨ × ૧ = ૨ કોટી કહેવાય તે ૯ રીતે
થાય એટલે બે કોટી ૧૮ રીતે થય, તેમાં ૯ થી ૧૮
સુધી રીત કહી, અને બીજી ૯ રીત ૨૨થી ૩૦ સુધી
આગળ કહેવાશે.

(૧૯) કરૂં નહીં મન, વચન, કાયાથી. (૨૦) ક-
રાવું નહીં મન, વચન, કાયાથી. (૨૧) રૂડું જાણું નહીં
મન, વચન, કાયાથી.

આમાં એક કરણ ને ત્રણ જોગ છે. એટલે
૧ × ૩ = ૩ કોટી કહેવાય. તેની ત્રણ રીત ૧૮

નહી વચનથી, કાયાથી. (૩૬) કરું નહી—રૂડું જાણું નહી મનથી, કાયાથી. (૩૭) કરાવું નહી—રૂડું જાણું નહી મનથી, વચનથી. (૩૮) કરાવું નહી રૂડું જાણું નહિ વચનથી, કાયાથી. (૩૯) કરાવું નહી—રૂડું જાણું નહી મનથી, કાયાથી,

આમાં બે કરણ ને બે જોગ થયા. એટલે ૨×૨=૪ કોટી કહેવાય. ચાર કોટીના ૩૧ થી ૩૯ એટલે નવ ભાંગા થયા.

(૪૦) કરૂં નહી-કરાવું નહી મન, વચન, કાયાથી. (૪૧) કરૂં નહી-રૂડું જાણું નહી મન, વચન, કાયાથી. (૪૨) કરાવું નહી-રૂડું જાણું નહિ મન, વચન, કાયાથી. આમાં બે કરણને ત્રણ જોગ એટલે ૨ × ૩ = ૬

કોટી કહેવાય. ૬ કોટીની ૩ રીત, ૪૦ થી ૪૨ તથા બીજી રીત પણ છ કોટીની ૩ કરણને બે જોગથી થાય છે. ૪૧ થી ૪૮ સુધી આગળ કહેવાશે, એટલે કુલ ૬ કોટીની ૬ રીત થઈ.

(૪૩) કરૂં નહી-કરાવું નહી-રૂડું જાણું નહી મનથી. (૪૪) કરૂં નહી-કરાવું નહી-રૂડું જાણું નહી વચનથી. (૪૫) કરૂં નહી-કરાવું નહી-રૂડું જાણું નહિ કાયાથી.

૧૮:—૧. [કાયયોગ—વીર્યાન્તર કર્મનો ક્ષયોપશમ થતાં ઔદારિક આદિ સાત પ્રકારની કાયવર્ગણામાંથી અન્યતમવર્ગણાની અપેક્ષા કરી, આત્મ પ્રદેશની સાથે સંયોગ થતાં કંપવું તે કાયયોગ.

૨. વચનયોગ—એ કરતાં વિશેષ વિર્યાન્તરાય અથવા મતિશ્રુત જ્ઞાનનાં આવરણોનો ક્ષયોપશમ પ્રાપ્ત કરી વચન લબ્ધીને સમીપ થયે છતે આત્માના પ્રદેશ જે વચનરૂપ પરિણામને સન્મુખ જોડાય તે વચનયોગ.

૩. મનોયોગ—અત્યંત આભ્યાંતર વિર્યાન્તરાય અને નોઇન્દ્રિય આવરણના ક્ષયોપશમરૂપ મનોલબ્ધિની સમીપ થવાથી, અથવા પુરોક્ત બાહ્ય નિમિત્તનું અવલંબન હોવાથી મનઃપરિણામની સન્મુખ આત્માના પ્રદેશોનું જોડાવું તે મનોયોગ]

૪૯મી રીતમાં જરા પણ ખામી આવે તો કરાર તુટયો. પણ તે લેવા પહેલાં પુરેપુરૂં સમજવું જોઇએ. ઘરબોળનું આવરૂવનું સાટું છે. મેરૂ ઓળગવો સહેલ, મીણને દાંતે લોહાના ચણા ચાવવા સહેલ, તેથી પણ ૪૯ મી રીત પાળવી મુશ્કેલ છે. એવી મુશ્કેલી વગર જન્મ મરણ ટળે કે? અને એવું પરાક્રમ કેટલા માટે શ્રાવક-ભાઇઓમાં હોય કે? આ બાંગા ઉપરથી સમજાશે કે દરેક માણસની શક્તિ અનુસારે કરણ કોટી જુદી

કહેવા બરોબર છે. આ પ્રમાણે દરેક પચ્ચખાણમાં ક્ષેત્ર ન ધારે તો હજુ ચલાવી પણ લેવાય, કેમકે વખાખરામાં ક્ષેત્ર સરખાં હોય છે ને કાળ ને દ્રવ્ય તો સહુ ધારેજ છે, પણ જે કરણ કોટી સહુને માટે સ્થિતી અનુસાર જુદી જુદી હોયછે તે તો ધારવીજ જોઇએ. કેટલે કરણે બંધનમાં છીએ, તે વાત કરણ કોટી સમજ્યા પછી ખ્યાલમાં આવે. કઇક કઇક સાધુઓ (અરે એ સાધુઓ શેના દ્રવ્ય લીંગીઓ !) પણ એવા નજરે જોવામાં આવે છે કે જેને નવ કોટી શું તેનું ભાન નથી, છતાં તરણ તારણનો દાવો ધરાવે છે, તે ચારિત્ર ચોખ્ખું શી રીતે પાળતા હશે ? ક્ષયોપશમ છતાં નીરૂધમી રહી ચારિત્રની વિશુદ્ધિ બીલકુલ ન વિચારતાં પ્રજ્ઞા ચક્ષુએ રહિત સાધુ જીવન ગાળવામાં આવે તો મહાન દોષોના આકર ગણાય. આવાઓને ગુરૂ તરીકે માનવા પહેલાં નીચેનું સુત્ર સારી રીતે ધારી રાખજો. " તિન્નાણં તારિયાણં " બુડશે તે નહિ તારશે, તારશે તારણહાર. નવ કોટી શું તે ખબર ન હોય એટલે પાળી શકે નહિ, તેમ તેનાજ જવાબ ઉપરથી સિદ્ધ થાય છે, છતાં છ કોટી, આઠ કોટી ને એક બીજાને ખોટા કહી લઢવવાંમાં તત્પર રહે છે. તેવા સાધુને સાધુ તરીકે માનવાં તે સમકીતનું લક્ષણ નથી.

ઈચ્છામિ ઠામીનો પાઠ.

इच्छामि	ઇચ્છુછું. (પહેલો પુરૂષ એક વચન)કરવાને
ठामि काउसग्गो जो. मे. देवसिओ अइयारो कओ	કાયાને હલાવવી નહિ.તે, જે, મેં, દિવસ સંબંધી (જ્યાં જ્યાં દેવસી શબ્દ આવે ત્યાં સર્વ જગોએ રાયસી, પખ્ખી, ચોમાસી સંવત્સરી દરેક જોઈતા શબ્દો બદલવા.
काइउ	કાયાએ કરી.
वाइउ	વચને કરી.
माणसिउ	મને કરી.
उस्सुत्तो	સુત્રથી ઉલટુ સુત્ર.
उमग्गो	જૈન માર્ગથી ઉલટું.
अकप्पो	કલ્પે નહીં.
अकरणीज्जो	કરવા. જોગ નહિ તે. કર્યું કામ નહિ કરવા જોગ, તે વિવેક પુર્વક વિચાર કરવા જરૂર પડે, પ્રથમ તો જે કામ આપણો બીજાને બીકરીએ તે કામ ન કરવા જોગ કહેવાય.

दुज्झाइ — માઠું ધ્યાન ધર્યું હોય, રોવું, કકળવું, અદેખાઈ વીગેરે માઠું ધ્યાન કહેવાય.

दुव्विचिंतिओ — માઠી ચીંતવના કરી હોય.

अणायारो — અણ આચરવા જોગ.

अणिच्छियव्वो — અણ વાંછવા જોગ આચરવું એટલે કરવું એને વાંછવું એટલે તો ઇચ્છા કરવી. પ્રથમ ઇચ્છા અને ત્યારબાદ આચરણ હોય.

असावगपाउग्गो — શ્રાવકને લાયક નહિ. પ્રથમ તો શ્રાવકને શું લાયક છે, તે જાણવું. પછી શ્રાવક થવાની તે વાત ધીમે ધીમે સમજાશે.

नाणेतहदंसणे — જ્ઞાન તેમજ દર્શનને વિષે

चरित्ता-चरित्ते — કાંઈક ચારિત્ર કે અને કાંઈક ચારિત્ર નહીં [illegible] કહેવાય આ [illegible] અર્થ [illegible] સમજવાનું છે કેટલાક જુદી રીત અર્થ કરે છે. [illegible] તો અમોને લાગ્યું છે પણ સમજવામાં ફેર છે. કેમ? એમ કહે છે કે શ્રાવક કેવું [illegible] [illegible] હોય [illegible] ચારિત્ર [illegible] ચારિત્રમાં [illegible]

ગુપ્તિ નામનું લોઢાનું હથીયાર લાકડીમાં છુપાવેલું હોય છે, અને તેથી કોઇ ત્રાસ પામતું નથી, જેમ ચુલાનો અગ્નિ રાખમાં દાબેલો હોય છે તેમ મન, વચન, કાયા દબાવેલાં હોય છે. યાદ રાખવું કે ગુપ્તિ લાકડીમાં સંતાડી યોગ્ય વખતે સંહાર કરવા બહાર કાઢવી તે તો દગો છે. તેમ કરવું નહીં. તે તો મહા પાપ છે, પણ મન, વચન, કાયા સંવરમાં હોઇએ ત્યાં સુધી ગોપવી રાખવાં. આ કામ મહા મુશ્કેલ છે, તે કેવું મુશ્કેલ છે તે દબાવી જોનારને સમજાય, અને જ્યારે બે ઘડી પણ દબાવી રાખવું આકરૂં પડે છે, ત્યારે જાવ જીવ દબાવી રાખનારને (નહીં કે ફક્ત દબાવવાનું વૃત લેનારને) કેટલો ધન્યવાદ છે તે બરોબર સમજાશે, અને સાધુ સાધ્વીને અંગ નમાવવાનું કારણ પણ આ પ્રકારે ગોપવાની તેઓની બહાદુરીઓજ છે.

चउक्कसायाणं ચાર કષાય–ક્રોધ, માન, માયા, લોભ. માન એટલે અહંકાર. માયા એટલે કપટ.

જાણે, અત્યન્તાભાવે ત્યાગ કરવાને અર્થે, [illegible]
કરી દેહને મેલું ભાવના રેકિની નિર્ગુણ મન, પરંતુ
કે ફિર કરવાની ટેવ ન પડે કે તે રીતાન ક્રિયાનો હું કહે
ત્યાગ કરીને મિત્રે મનોરથમાત્રમાં રહીને, હું આશા
મારાથી ક્રિયાની નિર્મળતા કરતાં (આશા તે જો દે'
પણ હોય તેને કરી કરી કાયમખાનું છું અને તમા
અજ્ઞો ભવે, મિચ્છામિદુક્કડં મારે છે]

બહુ ભાર ભરેલા કોઠામાં અપચાદ હેડકીથી
ઉલટ આવે છે, ને કોઠાના શિખરનીગુડાઈ પણ આવે
છે. કેમકે બહુ ભારવાળું હોય તે ભાર અપચાદ હે.
કિથી ઉલટ આવે ત્યાં પચઆવધુ આવી જાય છે. માટે
હું હ કરંડો મિ.લખ્યા તે બાત ધ્યાનમાં રાખવાની છે.
એમકે અપચાદ હેડકીથી તે બહી કરવા બારોબર છે.
માટે દીમાં સારી રીતે બાત ધ્યાનમાં રાખી હોય તેજ
પ્રમાણે બતાય, અને જે પાડને ઉંડે ખીજાથી
કુલ આવે તે પાડમાં બેડાયેલા પુત્રો કર્યા હોય તે
બહુ ભાગવાનું છે. માટે પ્રથમનો તેના ફરીથી કરવો
નહીં તે બાત પૂરી ધ્યાનમાં રાખી લીધ. છતાં રાખી ભાર
હોય તો તેની માફી માંગવી

-૦-

લાગે નહીં કેમકે પ્રથમથીજ છુટ રાખેલ છે. હુજ્જમે હોજ્જે મારો. ૧ काउसग्गो–કાયાને હલાવવી નહી તે. ૨ जाव अरिहंताणं–અરિહંતનું નામ લઉં ત્યાં સુધી. ૩ भगवंताणं– ભગવંતનું નામ લઉં ત્યાં સુધી. ૪ नमोक्कारेणं–નવકાર બોલું ત્યાં સુધી. ૫ नपारेमि પાંણું નહી એટલે પુરો કરૂં નહી. ताव–ત્યાં સુધી. कायं–કાયાને. ठाणेणं–એક સ્થાનકે. मोणेणं–મૌનપણે झाणेणं–એક ધ્યાને. अप्पाणंवोसिरामी–પાપકારી કાયા ભાવને તજું છું.

હરેક વખતે કાઉસગ્ગ કરવા માંડયા પહેલાં આ પાઠ બોલવોજ જોઇએ જો ન બોલે તો પચ્ચખાણ પણ ન આવે અને આગાર પણ ન આવે.

નોટ:—[કષાયનું જ્યારે સેવન થાય ત્યારે જૈન દ્રષ્ટી તેને કષાય ઉપાધીવાળો હોવાથી કષાય આત્મા છે, એમ તે વખતે સ્વીકારે છે. કષાયથી આત્માને અલગ રાખવા માટે તે કષાય ભાવને તજવાની આ ઠેકાણે ધારણા કરાય છે]

અહીં ૯૯ અતિચારનો કાઉસગ્ગ થાય છે, તે હરેક વ્રતને છેડે છેડે આવશે. કાઉસગ્ગ જેનો કરવો હોય તે પાઠ મનમાં ચિંતવવો પણ જરાપણ જીભ હલાવાય નહીં. કાઉસગ્ગ એ પણ એક અભ્યંતર તપ છે.

શ્રી અંસંનાથ સ્વામી. वासपुज्जं-વાસુપુજ્ય સ્વામી. च-વળી. विमल-વિમળનાથ સ્વામી. मणंत – અનંતનાથ સ્વામી. च-વળી. जीणं રાગ દ્વેષના જીતણહાર. धम्मं-ધર્મનાથ સ્વામી. संति-શાંતીનાથ સ્વામી. च-વળી. वंदामी-વાંદું છું. कुंथुं-કુંથુનાથ સ્વામી. अरं-અરનાથ સ્વામી. च-વળી. मल्लियं-મલ્લીનાથ સ્વામી. वंदे-વાંદું છું. मुणीसुव्वियं–મુનીસુવ્રત સ્વામી. नमी–નેમીનાથ સ્વામી. जीणं–રાગ દ્વેષના જીતણહાર. च–વળી. वंदामि–વાંદુંછું. रिष्टनेमि–અરિષ્ટ નેમી સ્વામી. पासं–પાર્શ્વનાથ સ્વામી. तहं–તેમજ. वद्दमाणं–વિર વર્ધમાન મહાવીર સ્વામી. च–વળી. एवं–એવી પ્રકારે. मये–મેં. अभिथुया–વર્ણન કર્યું. विहुय–ખપાવ્યા. रयमला–કર્મરૂપ રજ અને મેલ. पहिण–ખપાવ્યા. जरमरणा–જન્મ ને મરણ. चउविसंपि–ચોવીસ અને બીજા સામાન્ય. जीनवरा–જીનવર દેવ. तिथ्थयरा–તીર્થંકર દેવ. मेपसीयंतु–મને પ્રસન્ન થાઓ. कितीय–કીર્તી કર્યું. वंदीय–વંદનીય છો. महीया–પુજાએલા છો. जेपलोगस्स–જે લોકને વિષે. उत्तमा–ઉત્તમ. सिद्धं–સિદ્ધ. आरुग्ग–રોગ

કાયાને. काय संफासं-મારી કાયાને કરશું છું. खम-
णिज्जो-ખમજો. भे-હે પુજ્ય ! किलामो-કાંઇ કીલામ-
ના ઉત્પન થાય છે. अपकिलंताणं- આપની કીલામના
ગઇ છે. बहुसुभेणं-ઘણા શુભ યોગે કરી (દર્શન બહુ
શુભ છે). भे-આપનો. दिवसो वइक्कंतो-આજનો દિ-
વસ વહી ગયો. जत्ताभे-હે ભાગ્યરૂપ મહારાજ ખરી
જાત્રા સાધુ મુનીરાજનીજ છે. जवणि जं च-ઇંદ્રિને એ-
ટલે ઇંદ્રિના વિષયને જીત્યા છે. भे-હે પુજ્ય ? खामेमि-
ખમાવું છું. खमासमणो-ક્ષમાવંત હે પુજ્ય. देवसियं-
દિવસ સંબંધી. वइक्कमं-અવિનય થયો હોય, અપરાધ
થયો હોય. आवसियाए-આવશ્યક કરણીને વિષે. पडी-
क्कमामि-પડીક્રમણું કરતાં. खमासमणाणं-ખમાવું છું.
देवसियाए-દિવસ સંબંધી. आसायणाए-૩૩ પ્રકારની
આશાતના થઇ હોય. तितिसंनयराए-તેત્રીસ તથા બીજે
પ્રકારે. जं किं ची मिच्छाए-કીંચીત માત્ર ખોટું કર્યું હોય.
मणदुक्कडाए-મને કરી માઠું ચીંતવ્યું હોય. वय-
दुक्कडाए-વચને કરી માઠું ચીંતવ્યું હોય. काय-
दुक्कडाए— કાયાએ કરી માઠું ચીંતવ્યું હોય.
कोहाए-ક્રોધ કર્યો હોય. माणाए-માન કર્યું હોય.

છે. તે સ્થીતિમાં સઝાય ન કરાય છતાં કરી હોય, सझाइए न सझायं—સઝાય વખતે સઝાય ન કરી હોય, तस्समिच्छामिदुक्कडं—તે સર્વે મિથ્યા હો. તે બત્રીસને કોઈ ચોત્રીસ અસઝાય કહે છે તે નીચે મુજબ:— ૧. નજીકમાં હાડકાં પડયાં હોય, ૨. માંસ પડયું હોય, ૩. લોહી પડયું હોય, ૪. વિષ્ટા પડી હોય, ૫. સ્મશાન હોય, ૬. ચંદ્રગ્રહણ હોય, ૭. સુર્યગ્રહણ હોય, ૮. મોટું પ્રખ્યાત માણસ ગુજરી ગયું હોય, ૯. રાજ્યમાં વિઘ્ન હોય, ૧૦. નજીકમાં પંચેંદ્રી જીવનું કલેવર હોય, ૧૧. તારા ખર્યા હોય, ૧૨. દસે દિશા રાતી થઈ ગઈ હોય, ૧૩. અકાળે ગાજવીજ થાય, ૧૪. અકાળે વીજળી થાય, ૧૫. અકાળે કડાકા થાય, ૧૬. બીજના ચંદ્રમાની ચાર ઘડી, ૧૭. આકાશમાં નવીન ચીન્હ થાય, ૧૮. ધુમસ પડતી હોય, ૧૯. ઠાર તથા ઝાકળ પડે, ૨૦. ઘણો તોફાની પવન હોય, ૨૧. અશાડ શુદી ૧૫. ૨૨. અશાડ વદ ૧, ૨૩. ભાદરવા શુદ ૧૫, ૨૪ ભાદરવા વદી ૧, ૨૫. કાર્તક શુદ ૧૫, ૨૬. કાર્તક વદી ૧, ૨૭. ચૈત્ર શુદ ૧૫, ૨૮. ચૈત્ર વદ ૧, ૨૯ પ્રભાતે, ૩૦. મધ્યાને, ૩૧. સાંજરે, ૩૨. મધ્ય રાત્રે બે ઘડી સુધી એટલે બત્રીસ થયા. અને કોઈ આસુ શુદ ૧૫ ને આસુ વદ ૧ એમ બે ગણી કુલ ચોત્રીસ ગણે છે. તે સમયે સઝાય

થાય આટલી બધી મહત્વતાનો છે, તો તે પણ ગુરૂકેથી વગેરે પ્રાપ્ત ન જ થાય. તે કાંઈ પતાસાં નથી કે કોઈનાં દેવાથી ખાઈ જવાય? સમકીતના સ્વરૂપનાં લક્ષણને માટે તો મોટા મોટા ગ્રંથો લખાય તેમ છે. હાલ અહીં તેવો અવકાશ નથી. કેટલાક સંઘાડામાં ઘણુંખરા સાધુઓ શ્રાવકના ભોળા છોકરાઓને પોતાનું સમકીત લેવાનું કહે છે. ૧. આ ક્રિયાનો જો કાંઈ અર્થ થતો હોય તો એટલોજ છે કે, જેમ એક માણસ પાસે ઘી ભરેલું ઠામ હોય તે બીજે માણસ ખુંચી લેવા માટે ને ઘી ઢોળાઈ જાય, એટલે ઘી વાળો તે વગરનો થયો પણ તેથી કરીને સામાં માણસને કાંઈ ઘી મળી ન જાય; તેમ તે સમકીત દેનાર સાધુ મમત્વ ભાવને ઉતરચીડીની જાળ પ્રતાપે સમકીત વગરનો થાય. એટલે સામા માણસે તેનું સમકીત લઈ લીધું કહેવાય. પણ તેથી સામા માણસને કાંઈ સમકીત આવે નહીં. તે સમકીત આપનારનો હેતુ એટલો છે કે મારા ઉપર મોહ રાખજે બીજા ઉપર સખીયામાં અને મને હમેશાં મદદમાં રહેજે વિગેરે વિગેરે.

મિત્ર ભાવ શીખાવે ને સમકીત કહેવાય કે મીથ્યાત્વ કહેવાય? સમકીત તે આત્માનો ગુણ છે તે ભાવવાચક નામ છે, તે કોઈનાથી દેવાય શી રીતે? અરૂપી ચીજ

કરવા જેટલી હીંમત પણ ધરાવતા હોય. પણ કોઈ એવા મુનીરાજ (સમકીત દેનારા) કોઇને નજરે કરી શકેલ છે કે જેણે કોઈપણ સમકીત લેવા આવનાર જીવની લાયકાતની ખાત્રી બનાવી ? અભવ્ય જીવે કદી સમકીત થનાર નથી, તો પછી સમકીત દેનાર તરીકે કહેવરાવનાર ઉમેદવાર ભવ્ય છે કે અભવ્ય છે તેટલું તો જાણવાની શક્તિ હોવીજ જોઇએ. પણ જ્યાં પોતેજ ભવ્ય કે અભવ્ય છે એટલું પણ જાણવાની શક્તિ નથી ત્યાં સમકિતના દાતાર બનવાનો દાવો કરનાર શામાટે મિથ્યાત્વથી મુકાયેલા ગણવા નથી એમ ન માનવું ?

સમકિત મળવામાં કેટલી કસોટીમાં હોશીઆર થવાની જરૂર છે. તે આગળ સમજાવવામાં આવશે.

જેમ અજવાળું સમજાવવા માટે અંધારૂં શું તે સમજવાની જરૂર છે. તેમ મિથ્યાત્વનું સ્વરૂપ સમજ્યા પછીજ સમકિતનું સ્વરૂપ સમજાય છે તે નિયમ મુજબ મિથ્યાત્વ એટલે શું ? તે અઢારમું પાપસ્થાનક છે. જેમ અંધારૂં હોય ત્યાં અજવાળું હોયજ નહીં તેમ મિથ્યાત્વ હોય ત્યાંસુધી સમકિત હોયજ નહીં તો પછી સમકિત બનાર દાતા, કહેવું કે [illegible] કરવી હોય. અથવા [illegible] ન જ હોય.

સહુ એમ માનશે તો પછી સાધુપણાનાં અને કુસાધુપણાનાં લક્ષણ કયાંથી જાણવામાં આવશે? અને તે જાણવામાં નહીં આવે તો ૧૬મા અને ૧૭મા મિથ્યાત્વથી કેમ છુટાશે? અને તે નહિ છુટાય તો સમકીતની પ્રાપ્તી કેયાં થઇ? અને સમકિત વગર જ્ઞાન, ચારિત્ર કે તપ હોઇ શકે નહી. આ ખુલાસો ૧૮ થી ૨૧ મા મિથ્યાત્વને લાગુ પડે છે. ૧૮. જીવને અજીવ સરધે તો. ૧૯. અજીવને જીવ સરધે તો. એટલે સમકીતમાં ખપવા ઇચ્છનારને જીવ અજીવનું જાણપણું અવશ્ય જોઈએ. ૨૦. આઠ કર્મથી મુકાણા તેને નથી મુકાણા કહે. ૨૧. આઠ કર્મથી નથી મુકાણા તેને મુકાણા કહે તો. ટુંકામાં જે વાત જેવી છે તેવી ન સરધતાં ન હોય તેવી સરધે તો મિથ્યાત્વ. ૨૨. અવિનય. ૨૩. આશાતના, ૨૪. અજ્ઞાનતા. ૨૫. અક્રિયા એટલે કાંઇ ક્રિયા કરવાની જરૂર નથી એમ માને. ટુંકામાં સમકિતની વિશેષ સમજણ તો ગુણ સ્થાનકમાં છે. પણ ઉપલક સમજણ એટલી કે દેવ તે અરિહંત બીજા કોઇ નહીં. ગુરૂ ગમે તે સંઘાડાના પંચ મહાવ્રત પાળનાર, બીજો કોઇ નહિ. ધર્મ તે કેવળીનો બતાવેલો કેવળ અહિંસામય. એ ત્રણ તત્વની મજબુત શ્રદ્ધા શુદ્ધ તેનું નામ સમકીત.

ગુનો નહિ, પણ અતિચાર લાગે. તેમાંથી વખતે તે, માણસ અટકે પણ ખરો ? એમ બેદરકારીથી અતિચાર વારંવાર સેવ્યાજ કરે તો તેમાંથી વ્રત ભાંગે એટલે અણાચાર થાય. પાંચ સમકીતના અતિચાર જાણવા, પણ આદરવા નહી. સંકા–જૈન માર્ગની અંદર શંકા રાખે: બે ભાઈ પાસે એકેકુ ઇંડું હતું, જેને શ્રદ્ધા હતી તેનામાંથી જાનવર થયું અને જેને શક હતો તે ખખડાવ્યા કરતો જેથી ફુટી જવાથી કાંઈ ન નીકળ્યું. કંખા—પારકા પંથની ઇચ્છા કરવી તે. વિતીગીચ્છા—કરણીનાં ફળનો સંદેહ. પરપાસંડ પરસંસા–પાખંડી મતની પ્રસંશા. એટલે એનો અર્થ એમ નહિ કે કોઈ પંથને ધીક્કારવો. જેનામાં અમુક સારાં લક્ષણ હોય તો તે પ્રમાણે પોતાનામાં તે લક્ષણ દાખલ કરવા પ્રયાસ કરવો. પરપાસંડસંથવો– પારકા પંથમાં અતિશય જવું આવવું. પોતાના માર્ગમાં પુરું જાણપણું કર્યા પછી પારકા પંથમાં જાય આવે તો ને કુતેહ કરે, પણ પોતાના માર્ગના જાણપણા વગર અન્ય માર્ગમાં ફસાઈ જવાનું જોખમ; એમ સમકિતરૂપ રત્નમાં મિથ્યાત રૂપ રજ મેલ લાગ્યો હોય તો મિચ્છામી દુક્કડં.

જુઓ સમકિતને રત્ન સમાન કહ્યું માટે તે બહુ

સદોષ ન જ કરે. સિદ્ધાંતમાં જે કાર્ય કરવાનો પ્રબોધ હોય તથાપિ તેવું કાર્ય ન કરવું એમ ફુગમબીઓ કહે છે. આ વાત ધૃષ્ટતા, મોહ ભક્તિ કે સિદ્ધાંતની અનાજ્ઞામાં રહેતા, હોય તેને માટે તો બ્યાજબી છે. પણ સકારણે ખાસ અપવાદ વખતે નદી ઓળંગવાનું મુનીને દશાશ્રુતસ્કંધમાં કહ્યું છે, તો નવે કોટીએ તેમ કરતાં પચ્ચખાણ રહે કે નહ? કેટલાક આવી આજ્ઞા માટે પણ આ શંકાની નજર રાખે છે. વિધિમાર્ગ બહુ વિચારણીય છે]

(અપૂર્ણ.

આગાર ધર્મ એટલે જે ધર્મમાં કાંઇક કાંઇક આગાર એટલે છુટ રાખેલ છે, અને અણગાર ધર્મ એટલે જે ધર્મમાં બીલકુલ આગાર એટલે છુટ નહી. બેમાં સારો ધર્મ કયો—આગાર વગરનો ધર્મ સારો તેમાં શક શું? પણ તે પાળવો મુશ્કેલ છે. તો બીલકુલ આગાર ન રાખીને દોષમાં આવવું, તે કરતાં જેટલી વાત ન પળાય તેનો પ્રથમથીજ આગાર રાખવો તે બીજો આગાર ધર્મ.

અણગાર ધર્મ—એટલે સાધુ મુની રાજનું ચારિત્ર.

આગાર ધર્મ—શ્રાવકનું ચારિત્ર. શ્રાવકને બાર વૃત પાળવાનાં છે.

કાળથી-જાવ જીવ જીવે ત્યાં સુધી.	કાળથી—જીવે ત્યાં સુધી. પણ પ્રથમ મહાવરો પાળવા ગમે તેટલો વખત.
ભાવથી-નવ કોટી. મનથી, વચનથી,કાયાથી હીંસા કરવી નહી, કરાવવી નહિં, કરતા રૂડુ જાણવું નહિં.	ભાવથી—મનથી, વચનથી, કાયાથી, હીંસા કરૂં નહી. હીંસા કરાવું નહીં, રૂડું જાણવાની બંધી નહી.

ઉપરની હકીકતમાં સાધુ કરતા શ્રાવકને કેટલાક આગાર આવ્યા, હજુ પણ વિશેષ આગાર છે તે આગળ આવશે. હીંસા કરતા રૂડું જાણવાની બંધી કેમ નહી ?. તે એક સવાલ થાય છે. રૂડું જાણવામાં પાપ નથી? રૂડું જાણવામાં પાપ તો છે, પણ હીંસાથી બનતા કૃત્યોનો લાભ લેવા આપણે તત્પર થઈએ, એટલે રૂડું જાણવાની બંધી બહુ આકરી છે. રૂડું જાણવાની બંધી કરનારામાં પણ કેટલા તે બંધી પાળી શકતા હશે! તે કેવળી ભગવાન જાણે.

કેટ તે એકાસી એટલે ભૂત, ભવિષ્ય, વર્તમાન એ ત્રણે કાળમાં ફિરતા થાય છે, માટે ત્રણ કાળથી ગુણતાં ૪૭૦ ત્રણ લાખ ચોર્યાસીહજાર થાય છે.

જ્યારે પેતાલીસ ભેદની ઠવ ... આવે ત્યારે અદિસાહૂત સમુચ્ચ ...

જ્યારે ... સભ્યાદિ વિચ- રેલી ... પ્રત્યાખ્યાન પદેલાં પાણી ... માટેજ આ ગમા ...)

पहिलं-પેહું. अणुहूत-ઓળુ धूलाइं - મોટકા. पाणाइवायाउ-પ્રાણી જીવ માત્ર (એટલે એકેંદ્રીય સિવાય બાધ. જીવ.) ની હિંસાને वेरमणं-તજું છું. અથી કહ્યું. अमार्गीव હાલતા ચાલતા જીવ. बेइंद्रीय-બેઈં- દ્રિવાળા(કાયા અને મુખ). तेइंद्री ત્રણ ઇંદ્રિવાળા(કાય, મુખ નાક) चोरेंद्रीय-ચાર ઇંદ્રીવાળા (કાયા, મુખ, નાક, આંખ.) पंचेंद्रीय-પાંચ ઇંદ્રીવાળા. (કાયા મુખ. નાક, આંખ, કાન.) આમાં દેવતા એટલે દેવ લોકમાં રહેનારા દેવ, મનુષ્ય, લોકમાં રહેનારા મનુષ્ય, નરકમાં રહેનારા નારકી તથા પાંચ ઇંદ્રીવાળા જનાવરનો સમાવેશ થાય એવા जीव- જીવ. जाणी-ઓળખી मीठी- નજરે દેખી હણવાની બુદ્ધીથી એટલે ઇરાદાથી હણવાનાં પચ્ચખાણ. (અને

[illegible] આધુની [illegible] આવી છે, [illegible] [illegible] [illegible] ન કરીએ અને ન [illegible] ન [illegible] એમ કહીએ અને [illegible] કરીએ તેનું નામ કર્મની [illegible] નહી [illegible] છું ?

[illegible]— [illegible] [illegible] આવે છે :—

ક્ષીણા સૂક્ષ્મા સ્થૂલા, [illegible] [illegible] ॥
[illegible] [illegible], [illegible] [illegible] [illegible] ॥૧૬॥

ભાવાર્થ :- [illegible] સૂક્ષ્મ અને સ્થૂલ. [illegible] [illegible] નથી તેથી [illegible] છે, તેનો [illegible] છે. જેથી [illegible] રહે છે. [illegible] (ન [illegible]) [illegible] નિરંતરનો [illegible] |

બીડેલ હોય. આ બધી સ્થિતિમાં પેહેલી સ્થિતિમાં સરભામાન થઈ જનારનો ઓછો દોષ, તેથી બીજી સ્થિતિમાં વધારે દોષ, અને ત્રીજી સ્થિતિમાં સહુથી વધારે દોષ. પણ સલામતિ ત્રીજી સ્થિતિવાળાની સહુથી વધારે, બીજી સ્થિતિવાળાની તેથી ઓછી, અને પહેલી સ્થિતિવાળાની સહુથી ઓછી. આ પ્રમાણે પચ્ચખાણ તે તાળાં બરોબર છે.

દાખલો બીજો:—એક માણસે વીસ વરસ સુધી કદી રાત્રી ભોજન કરેલ નથી પણ તેને રાત્રી ભોજનની બાધી નથી, ત્યારે કોઇએ રાત્રી ભોજનની બાધી કરવાનું કહ્યું, ત્યારે તે માણસે જવાબ આપ્યો કે અમારે તો જમવાનો વખત સાંજનોજ છે. આજ વીસ વરસ થયાં કદી રાત્રી ભોજન કરેલ નથી તો હવે બાધી કરવાની શું જરૂર ? ત્યાર બાદ તેને કોઈ એક નિકટના સગાને ત્યાં જવાનો પ્રસંગ આવ્યો, ત્યાં રાત્રે પહોંચ્યો ત્યારે સગાએ રાત્રે વાળુ કરવાનું કહ્યું આ માણસે ચોખી ના પાડી. સામા માણસે બહુ આગ્રહ કર્યો, પોતે કહે કે આજ વીસ વરસ થયા રાત્રી ભોજન મેં કરેલ નથી, માટે આજે રાત્રે વાળુ ન કરું. પેલા સગાએ પુછ્યું કે, તમારે બાધી છે ? ભોજનનું કરો. એટલે ના કહી. પેલા સગાએ એના એ ઠીકાના ભોજન આણ્યા,

[illegible] નથી કે [illegible] [illegible] નથી. [illegible] [illegible] ૧૦ [illegible] ૧૦ [illegible] [illegible]

[illegible]—[illegible]

સ્થાને થયેલ છે, પણ ઢાંઢીઆ અથવા કોઈ આંધળાં
આગળ વ્યવહાર માટે જાય, કામ વિષયી તે ત્યાગીવાળામાં
આવે નહિ. તેમાં દૂર પ્રકાશ જાણે અજવાળું (કોઈ
કામ.) એમજ ઉપરાંત જાય આવેલા નહિ. એવામાં
અધિક રૂપ ખોદી શકે નહિ. તેને માટે દરેક પણ
પુરુષાર્થ કરવું છે. પ્રત્યાખ્યાન (ઉચ્ચરેલ) આગળ
પાછળની અવસ્થાના પ્રકારથી. કોઈ તેવાક આપણા અજાણ્યા
થી તેને યાદ કરી શકે કે ફેર પડી જાય, એ કામ
કરી આવે હવે, તે કામ પછીથી જાણે ન આમ એમ
કોઈને જણાવો ઉપર તો તો કરી બહુ થાય. નહિ,
પણ તેવું કાંઈ ન હોય ને કોઈને બાબતે આવો તુરત
કે તે વખતે ફરીથી કામ કરેલ પણ. ત્યારબાદ ઘણું દિવસ
કોઈ ગુણપ્રમાણ આવે ને કે જાણ્યાથી પ્રત્યાખ્યાની
આગળ જાણવા આવ્યો. તેને કહીને કહે કે હવે હૃદયમાં
ફેરફારનું આવું મરણ થયું ઉપર જાણવું. કેમ ભાઈ છે?
કોઈ વિચાર છે કે નહિ? એટલે જાણવા બાબતે આપણા
કહે કે હું તો પ્રત્યાખ્યાનને પર બતાવવા બેઠો છું એમ કહી
પાછો વળે આ મહા કર્મ બાંધ્યું છે. એવું દેખાડા-
પણું કરવું નહિ. ઋષભદેવ મહારાજ જેવા ભગવાન આ
યુગને પણ કેટલાક પહોર માટે પચ્ચખાણ આગ પાણીની

ભોગ લાગે તે શી રીતે કારવી ? હીંસામાં જો ધર્મ થાય તો પછી પાપ શી રીતે થાય ?

એક રમુજી ખરો બનેલો દાખલો—આ લેખકે એક મંદીરમાં હાંડીમાં તેલ પુરેલો ગ્લાસ દીઠો. તે વખતે આસેનુ માસ હતો. વરસાદનો વખત હતો, તેથી ગ્લાસમાં તેહની સપાટી ઉપર જીવાત એટલી પથરાઈ હતી કે નીચે કેવા રંગનું અને શેનું તેલ છે, તે વરતાતું પણ નહોતું અને તે સર્વ જીવાત નાશ પામી હતી. તેનો પુજારી એક બ્રાહ્મણ હતો અને મારે તેની સાથે બોલ-વાની છુટ હતી. તેથી મેં તે બ્રાહ્મણને કહ્યું, એવું મહારાજ ! આ કેવો જુલમ કરતી હીંસા ? તે મહારાજે તર્ક-વિરોધ જવાબ આપ્યો કે જે જીવ આ પવિત્ર ધામમાં મરે છે તેનો ઉદ્ધાર થાય છે. ત્યારે મેં તે બ્રાહ્મણને કહ્યું કે મહારાજ તમને તમારા જીવનો ઉદ્ધાર કરવાની વધારે ઉતાવળ છે કે, આવા દીવામાં બળી મરતા બીજા જીવનો ઉદ્ધાર કરવાની ? મહારાજ કાંઈ જવાબ આપી શક્યા નહીં. પર આખરે દીવા પ્રસન્ન હોય અને મને તેટલા દીવા કરે, તેથી જેમ તેટલી હીંસા થાય તો એમ ધર્મનું સમાધાન થાય કે પોતે દયાને વશ થઈને દીવા માટે આ હીંસા થાય છે. પણ હીંસામાં ધર્મ માનવો, તે કુલ કુમાર્ગનું છે. કેટલીવાર કપડું કોઈથી સાફ કરવાના

ચિંદેર સ્હેર્નાર, મુરબ્બું વિગેરે કેટલીક મુદ્દત સુધી સંતેલું રહે છે, તેથી પણ ખાત્રી થાય છે કે તેમાં જીવની સંખ્યા વધારે છે. આવું છતાં નાજુક ફુલ દેવને ચડાવનારા દેવનું કેટલી રીતે અપમાન કરે છે? જે દેવ હીંસાથી દુર રહેવાનું ફરમાવે છે, તે દેવનું ફરમાન દેવનુંજ બાનું આપીનેજ તોડે છે. દેવને તો ફુલના જીવ પણ બાલ બચ્ચાં સમાન છે, તો પોતાનાજ બાલ બચ્ચાંની હિંસાથી રાજી રહેનાર તરીકે દેવને માનવો, તે દેવ માથે કેવી નિર્દયતાનું કલંકનું તહોમત! શું મનુષ્ય જેટલી પણ દેવને દયા નહી? સુગંધીથી જે ખુશ થાય તેને ઇંદ્રીના અંકુશમાંથી છુટયો કેમ કહેવાય? વળી નીર્જીવ પદાર્થનો મોટો ન થાય ને વનસ્પતિ તો વધે છે. કલમો કલમ ખારો ખડી વિગેરે વપરાય છે છતાં ખુટતાં નથી તો પછી ઉત્પતી નવી થાય છે: તે ચોક્કસ થયું તો ઉત્પતી નિર્જીવ ચીજની થાય નહિં; પાણીનું પણ તે પ્રમાણે થાય છે.

અગ્ની પણ ખોરાક (બાળતું) ન મળે તો ઠરી જાય છે, નિર્જીવ ચીજનો નાસ થાય નહિં.

જે જ્ઞાની પુરૂષો આ છ જાતના જીવ વર્ણવી ગયા, તેને ખોટું કહેવાનું કાંઇ પ્રયોજન નહોતું.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]	[illegible]
[illegible]	[illegible]
[illegible]	[illegible]

[illegible] ન બને, કેમકે તે તે [illegible] પણ [illegible] કાંઈ [illegible] હતી શકાય ?

આ [illegible] — [illegible] નથી ? [illegible]

એવા અસત્યનો એક રમુજી દાખલો — એક વ્રતધારી તરીકે ગણાવવાનો દાવો કરનાર શ્રાવક પાસે એક ભેંસ હતી, તે ભેંસ બીલકુલ દુધ દેતી ન હતી તેથી આ શ્રાવકજીને વ્રતમાં ખામી ન આવે, અને તે ભેંસ કોઈને ત્યાં જાય, એવું કરવું હતું. પણ—

પરનારીસેં પ્રીત, ઔર પરમેશ્વરકુ ભજના;
દો કામ ના બને, લોટ ખાના ઔર ભસના.

આ ભાઈની ગામમાં બહુ પ્રતિત હતી, આથી અંદર રહેલી દાનત કોઈ જાણતું નહી, પણ કેવળીથી કાંઈ અજાણ્યું નથી, તે વાત તે ભાઈ તે વખતે કોણ જાણે કેમ વીસરી ગયા હશે. ભેંસનું એક ઘરાક શેઠ પાસે આવ્યું. અને શેઠને પુછયું કે શેઠ સાહેબ આ ભેંસનું દુધ કેટલું? શેઠ તો પોતાને વ્રતધારી ગણતા હતા, તેથી મોઢેથી કાંઈ બોલ્યા નહી, અને છીપર સામી આંગળી કરી એટલે તે ઘરાક એમ સમજ્યો કે આ છીપર જેટલું તોલમાં દુધ છે, આ ઉપરથી તેણે ભેંસ ખરીદી. ઘેર ગયા પછી દુધ લેશ માત્ર દીઠું નહી, એટલે પેહેલા ગૃહસ્થને કહ્યું કે શેઠ તમને વ્રતધારી જાણી તમારાં ઉપર પ્રતિત રાખી અમે ભેંસ ખરીદી, તો આવો દગો કરવો તે આપને લાજમ છે કે? મહેરબાન સાહેબ

अभ्याख्यान-આળ ચઢાવવું તે. १४. पैशुन्य-ચાડ
ચુગલી કરવી તે १५. परपरिवाद-પારકાનું વાંકું બો
લવું-નિંદા કરવી. १६. रइअरइ-ખુશી-દીલગીરી. १७.
मायामोसो-કપટ સહિત જુઠું બોલવું. १८. मिछादं
सणसल्लु-ખોટા દેવ, ગુરૂ અને ધર્મનું સલ રાખવું.

એ અઢાર પાપ સ્થાનકમાંથી આ જના દિવસમાં કોઈ
પણ પાપ સ્થાનક સેવ્યું હોય, સેવરાવ્યું હોય, સેવતાં પ્રતે
રૂડું કરી જાણ્યું હોય તો કેવળી ભગવત આપની સાખે
તસ્સમિચ્છામી દુક્કડં.

જે જીવને શ્રાવકપણું લાગે તેને પાપ ૧૮ લાગેજ

આ સ્થળે શ્રાવકપણું એટલે વ્યવહારથી ગણાતું શ્રાવકનું પદ સમજવાનું નથી, પણ પાંચમા ગુણસ્થાનકનું પદ સમજવું.

પચીસ પ્રકારનું મિથ્યાત્વ.

૧. अभिग्रहीक मिथ्यात्व–સાચા જુઠાના જાણપણા વિના અસત્યને હઠથી પકડી રાખવું તે.

૨. अणाभिग्रहीक मिथ्यात्व–બધા દેવ અને બધા ગુરૂના મતને માને તે.

૩. अभिनिवेशीक मिथ्यात्व–પોતે પકડેલો મત ખોટો જાણે છતાં મુકે નહીં તે.

૪. अणाभोग मिथ्यात्व–સમકિત સંબંધીનું બીલકુલ જાણપણું નથી તે

૫. सांशयिक मिथ्यात्व—સ્વમત ધર્મ સબંધી શંકા આણે તે.

૬. लौकिक मिथ्यात्व—દુનિયામાં ચાલતાં પર્વ, ધર્મ વિરૂદ્ધ કરે

૭. लोकोत्तर मिथ्यात्व--તિર્થંકર દેવની માનતા કે તે અથવા કરણીના ફળની લાલચે કાંઈ ૧ કરે તે.

૮. કુપરાવચન મિથ્યાત્વ—ત્રણસેં ત્રેસઠ પાખંડીના મતને માને.

૯. અજીવને જીવ કહે તે મિથ્યાત્વ. ૧૦. જીવને અજીવ કહે તે મિથ્યાત્વ. ૧૧. સાધુને કુસાધુ કહે તે મિથ્યાત્વ. ૧૨. કુસાધુને સાધુ કહે તે મિથ્યાત્વ. ૧૩. જૈન માર્ગને અન્ય માર્ગ કહે તે મિથ્યાત્વ. ૧૪. અન્ય માર્ગને જૈન માર્ગ કહે તે મિથ્યાત્વ. ૧૫ અધર્મને ધર્મ કહે તે મિથ્યાત્વ. ૧૬. ધર્મને અધર્મને ધર્મ કહે તે મિથ્યાત્વ. ૧૭. આઠ કર્મથી નથી મુકાણા તેને કહે જે મુકાણા તે મિથ્યાત્વ. ૧૮ આઠ કર્મથી મુકાણા તેને કહે નથી મુકાણા તે મિયાત્વ. ૧૯. જિન માર્ગથી ઓછું પરૂપે તે મિથ્યાત્વ. ૨૦. જિન માર્ગથી અધીકું પરૂપે તે મિથ્યાત્વ. ૨૧. જિન માર્ગથી વિપરીત પરૂપે તે મિથ્યાત્વ. ૨૨. અવિનય મિથ્યાત્વ ૨૩. અક્રિયા મિથ્યાત્વ. ૨૪. અજ્ઞાન મિથ્યાત્વ. ૨૫ અસાતના મિથ્યાત્વ.

એ પચીસ પ્રકારનું મિથ્યાત્વ મારે જીવે સેવ્યું હોય, સેવરાવ્યું હોય, અને સેવતાં રૂડું જાણ્યું હોય તો કેવળી ભગવંત આપની શાખે તસ્સમિચ્છામિદુક્કડં.

આ પાઠ કોઈ કોઈ ગચ્છવાળા નથી ગ્રોલતા પણ તેને ખોટા કેવા નહિં. કેમકે અઢાર પાપમાં છેલ્લું પાપ

મિથ્યાત્વ છે, તે બોલનો આ પાઠમાં વિસ્તાર છે તે વિસ્તાર તો કોઇ ઓછો કરે ને કોઈ વધુ કરે; પણ જેમ વખત હોય તેના પ્રમાણમાં વધારે વિસ્તારથી લાભ છે. જે લોકો તે પાઠ નથી બોલતા તે બોલનારને ખોટા કહે છે, તેજ મિથ્યાત્વ છે.



ચૌદ સ્થાનકના સમૂર્છિમ જીવો.

મનુષ્યના શરીરથી ઉત્પન્ન થતી ચૌદ પ્રકારની ગંદકીમાં સમુર્છિમ જીવ ઉત્પન્ન થાય છે, તે જીવ સ્થાવર નથી પણ ત્રસ છે. ત્રસમાં પણ બેઇંદ્રી, ત્રેઇંદ્રી, ચૌરંદ્રી નથી પણ પચેંદ્રી છે. પચેંદ્રીમાં તિર્યંચ નારકી કે દેવતા નથી, પણ આપણા જેવાજ પચેંદ્રી અને આઠ પ્રાણના ધરવાવાળા મનુષ્ય છે; જે લોકો આ વાતને સિદ્ધાંતને આધારે નહી માનતા તેમને પણ પ્લેગ વિગેરેના ઉપદ્રવને લઇને હવે માનવું પડે છે, મોટામાં મોટું શહેર જે મુંબઇ જ્યાં જબરજસ્ત શોધખોળ કરનારા અને જ્યાં લોકોની તંન્દુરસ્તી માટે ગમે તેટલું ખરચ કરતાં નહીં અટકનારા છે તેજ શહેરમાં મરકીની શરૂઆત થઇ તે શું સુચવે છે! અને જે ગામડામાં લોકો તંન્દુરસ્તીનો નિયમ લેશ માત્ર પણ

નહિ સમજનારા, [illegible] ઉપર આગળ માથોડા, માથોડા જેટલા [illegible] ઢગલા [illegible] પડયા છે, તેઓ પ્લેગ કેવો હોય એમ પૂછે છે એ શું સુચવે છે?

[illegible] સ્વચ્છ કુદરતી હાજતના છે. [illegible] ગામ [illegible] પૈસાદાર સહુને તે હોયજ છે, [illegible] પવન અને રાખ જે તેનાં નિવારણ છે, તેને ઉપયોગ કરવાથી તે નાશકારક નીવડતાં નથી [illegible]. લોકોએ ઉપરથી બહુ સ્વચ્છતા દેખાડવા [illegible] ગંદકી [illegible] ઉતારી, એટલે તેને પવનને [illegible] સ્પર્શ થવા દીધો નહીં, એટલે ઉપરથી ગમે તેવું સાફ બનાવ્યું પણ અંદરથી [illegible] અને [illegible] વિગેરેને છાપરાંથી બાંધી [illegible] રાખ્યાં એટલે ગમે તેટલા ખરેરો સાફ ન થાય, તેવું સાફ કરનારા સુર્ય અને પવન કાંઈ કામ કરી શકવા નહિ તેથી મરકી વિગેરે ફાટી નીકળ્યો. અને તેથી ઉલટા ગામડામાં ઉપરથી ગંદકી દેખાય ખરી, પણ [illegible] લઈને અને છુટને લઈને સુર્ય [illegible] તે સુકાવી નાંખે, અને પવન પણ [illegible] કરે :

જૈનમતના ગણધરો ગંદા રહેવાનું છે, એવું માનનારા તથા એવું [illegible] સુકનારા સમુર્છિમની હીંસાનું કેવું

સ્વરૂપે જૈન મતમાં દર્શાવ્યું છે તે જાણવાની તસ્દી લીધે તો આ પરિણામ આવે નહિ.

નીચે જણાવેલા ચૌદ પદાર્થો જે જે મદી સુધી રહે તો તેમાં અસંખ્યાતા સમુર્છીમ મનુષ્ય ઉત્પન્ન થાય, ને તેની ઘાત થાય. તે જીવની દયા પાળવી એટલે તે, જીવને કોઈ પદાર્થથી પેદાશ કરવાનું નથી પણ તેને ઉત્પન્ન થવાનો પ્રસંગજ ન આપવો એજ તેની દયા છે. જો ઉત્પન્ન થાય તો તેને મરવા વગર બીજો રસ્તો નથી. તેમ તે ચૌદ પદાર્થો કુદરતના છે, તે કોઈથી અટકાવાય તેમ નથી પણ જો તે વસ્ત સુકાય જાય તેવી સ્થિતિમાં નાખ્યા હોય તો સમુર્છીમની ઘાત થાય નહિ, પણ જેમ મોટા શહેરની અંદર દરેક પ્રકારની ગંદકી ભોયની અંદર ઉતારીને ઉપરથી સાફ બનાવાય છે, તેમ કરવાથી, કાંઈ દયા પળાય નહિ અને તેમ કરવાથી કાંઈ સુર્ય, અને પવન આપણી સેવા બજાવે નહિ. અને રોગનો ઉપદ્રવ થયા વગર રહે નહિ, હાલમાં સાયન્સથી સિદ્ધ થયું છે કે બયકર રોગના જંતુઓ થાય છે, અને, જ્યારે જૈન મતમાં તે જંતુઓને મનુષ્ય ગણ્યા છે, ત્યારે તેઓને તો તેની દયા પાળવામાં બહુજ સાવચેત રહેવું પડે.

ગંદકીમાં સમુર્છિમ મનુષ્ય થાય તે તો દેખાય નહિ, પણ તેની અંદર રોગના જંતુઓ થાય છે તે જુદા અને ત્રસજીવ થાય છે જે નજરે દેખાય છે તે જુદા—

१ उच्चारेसुवा-વિષ્ટામાં. २ पासवणेसुवा-પેશાબમાં. ३ खेलेसुवा-બડખામાં. ४ संघाणे सुवा-નાકના મેલમાં. ५ वंतेसुवा – વમનમાં. ६ पीतेसुवा-પીતમાં. ७ सोणिएसुवा-લોહીમાં. ८ पुइएसुवा-પરૂમાં. ९ सुकेसुवा-વિર્યમાં. १० सुक्कपोगलपडिसालिएसुवा-ઉપર જણાવેલ પુદ્ગળ સુકાઇ ગયાં હોય તે ફરી ભીનાં થાય તેમાં. ११ इथ्यिपुरुषसंजोगेसुवा – સ્ત્રી પુરૂષના સંજોગમાં. १२ विगयजीवकलेवरेसुवा-મનુષ્યના કલેવરમાં. १३ नगरनी धमणे सुवा- ખાળમાં એકવાડને લઇને १४ सव्वेसुचेव असुरठाणेसुवा—અશુચિના સઘળાં ઠેકાણામાં.

આ બધા પદાર્થો સુકાઇ જાય તેમ કર્યું હોય તો સમુર્છિમ થાય નહિ.

મરણ થયા પછી મડદું કાઢવાને જે ઉતાવળ કરવામાં આવે છે, તેનું મુખ્ય કારણ એજ છે કે કલેવર

વધારે વખત રહ્યાથી સમુર્છિમ જીવ ઉત્પન થાય છે, અને તેટલા માટે જે મડદાને ઠેકાણે પાડતાં વિલંબ થાય તેની આબરૂને દીલ્પત ઠરાવેલ છે; એટલે દીલ્પતની ચાનકને લઈને જલદી ઠેકાણે પડાય છે. આવું ધાર્મીક ફરમાન છતાં ધામધુમની શોભાને, દયા કરતાં પહેલ આપનારા આવકો, સાધુ આર્યાનાં કલેવરોને કલાકોનાં કલાકો સુધી રાખી મુકવામાં લેશ માત્ર આંચકો ખાતા નથી. જો તરત નિવારણ કરે તો માંડવી ઓછી શોભા-વાળી બને, જો સાધારણ સાધુ હોય તો તો થોડા કલાકે વારો આવે, પણ જો બહુ પ્રતાપી હોય તો તો દીવસ કે દીવસ સુધી રાખી મુકે છે.

આ ઉપરથી સિદ્ધ થાય છે કે દયાની વાત નજીવી વધી શોભાની ઉપરજ લક્ષ અપાય છે. બહાર દેશથી તારો આવે છે કે અમો આવીએ ત્યાં સુધી માંડવી રાખજો, એમ રાખવામાં સમુર્છિમ કેટલાકની ઉત્પતિ થાય છે તેનો લેશ માત્ર વિચાર કર્યા વગર તેઓ દોડતા આવીને પોતે અહો ભાગી પોતાને માને છે. ગમે તેવા ઉત્તમ કે ક્રિયાપાત્ર સાધુ સાધ્વી હોય તેની પાછળ ગમે તેવી માંડવી કરે, ગમે તેવી શોભા કરે, ગમે તેવી પછેડી ઓઢાડે, તે માત્ર પોતાની વ્યવહારીક શોભા છે; અને સંસારીને તેવી શોભાની જરૂર પણ છે, પણ તેમાં

વેશ માત્ર પુજ્ય કે નિર્જરા માનવી તે હડહડતું મિથ્યાત્વ છે. જે લોકો મહાત્મા જીવતા છતાં દર્શને આવવા નવરા ન થયા હોય તેઓ પણ કાળ કર્યા પછી ગામે ટેટલા પૈસા પુંજી ખાઈ દર્શન કરવામાં કલ્યાણ માને છે તે જબરામાં જબર મિથ્યાત્વ છે. તેમાં જો કાંઇ કલ્યાણ હોય તો પછી મુર્તિ પુજામાં પણ કલ્યાણ થાય.

નોટ—[મોટી દુનિયા સ્વાર્થ બુદ્ધિને લઇ અધશ્રદ્ધાની પરંપરામાં સોવાય છે. જેથી વિવેકને બાજુ ઉપર રાખે છે. જેમકે ઘણા વાંઝીયા લોકોની સ્ત્રીઓ, તપસ્વી, ગચ્છાધિપતી, ક્રિયાચારી કે એવા કોઇપણ સંતના અવસાન સમયે માંડવી નીચે "છોકરાઓ થશે એવી આશાથી" હજારો માણસની મેદનીમાંથી નીકળી જાય છે

માંડવીને પગે લાગે છે તેની ધ્વજા, મુહપતી વીગેરે લઈ સાચવી રાખે છે તથા તેના વાધા કરી થનાર બચ્ચાને પહેરાવે છે તથા પુજે છે. આ ધારો વૈશ્નવોમાંથી અથવા મુર્તી પુજવાવાળામાંથી આવ્યો હોય એમ જણાય છે. આનું નામ હડહડતું "મિથ્યાત" નહીતો બીજું શું?]

આજ કાલે કલેવરને ન બગડે તેવા અંદર પદાર્થો પુરી કેટલાક માસ લગી રાખવાની કળા છે, તેમ જો તે શબમાં કાંઇ ચમત્કાર હોય તો પછી તિર્થંકરનું શબ તેવી રીતે કેમ રાખી ન મુકત ? ઘીના વાસણમાં સ્વાદ

પીતો હતો, ઘી અંદરથી નીકળી ગયા પછી વાસણ
શું છે ? વાસણનો દાખલો બંધ બેસતો નથી, કેમ
વાસણ તો ફરી બીજું ઘી ભરવામાં ઉપયોગી થાય,
જે જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપનો પ્રભાવ હતો તે ધા
કેરનાર ચૈતન્ય ઉડી ગયા પછી માન્યતા શેની ?

અરે જો ચૈતન્ય હાજર હોય તોપણ જો જ્ઞાન, દ
ચારિત્રના ગુણ ન હોય તો વંદનીક છે કે ? સંજમ ધ
કર્યા અગાઉ તેજ આત્માને કેમ કોઇ નમતું ન હતું

કોઇસાં જાણવથી દોષ ને સમુર્છિમનું પાપ લેવું હોય તો એક રસ્તો.

એક સાધુ કાળ કરી જાય ત્યાર પછી [illegible]
એક ઓરડી બનાવી [illegible] હોય તો શું [illegible]
તેમાં કોને બેસવું પડશે ને કયા કેવાં નામ [illegible]
અને તેમ બનાવી [illegible] ન કયા [illegible]
પણ તેમ જો [illegible] હોય તો [illegible] લાગે
અને સમુર્છિમ [illegible]

નોટ:—[[illegible]
[illegible]
[illegible]
[illegible]

ખોડીપો હોય છે. જેવા વધારે વખત ન રાખતાં સમુર્છિમ જંતુ ઉપજવાનો રોગ ઓછો લાગે છે]

જ્યાં જ્યાં સમુર્છિમ ઉત્પન થાય ત્યાં રોગનાં જંતુ અને ત્રસજીવની ઉત્પતિ ચોક્સ છે. પેસાબ ઉપર પેસાબ કરવાથી રોગ થાય છે. કોલેરા પ્લેગવાળાની ઉલટી એકદમ દૂર કરવા ડૉક્ટરો પણ કહે છે.

એંઠમાં સમુર્છિમ થાય છે—એઠું પ્રથમ તો મુકવુંજ ન જોઇએ, પોતાને જોઇએ એટલુંજ ભાણામાં લેવું; એવો નિયમ કરવામાં આવે, તો સમુર્છિમ બીલકુલ થાય નહિ. ખરચ બહુ ઓછું થાય અને કોઇ જાતુ પ્રકારની દુખ સહન ન કરવા છતાં પણ એક વતનો તપ થાય; કેમકે પાણું મુકવું નહિ તેવી બંધી હોય તો ખાવામાં મુશ્કેલી પડશે એવી ખાત્રીથી ભાણામાંજ ઓછું લેવાય, એમ છતાં એઠું થાય તો તરતજ ઢોરને પાઇ દેવાથી ઢોરને પણ સંતોષ થાય. મોટા જમણવારમાં આ વાત બહુ વિચારી લેવાય છે. એંઠના વાસણો ઉપર કોઇ ધ્યાન આપી શકતું નથી અને તેમાં કોઇ કોઇ વખત મોટા મોટા જીવ મરી જાય છે. આપણાં બેનોએને કહ્યું "કેમ નાખી દેવું" ... શીખવાનું બાકી છે.

આ લોક; પદાર્થો એ મનુષ્ય સિવાયના હોય તેમાં સમ્મુર્છિમ થતા નથી.

કોઈ કોઈ અજ્ઞાનવાળા આ પાઠ બોલતા નથી કારણ એમ સમજે છે કે, એ પાઠ નવતત્વ આદિ જીવતત્વનો વિસ્તાર છે, પરંતુ આપણા અવશ્ય સમ્મુર્છિમની હીંસાના ઘણા પ્રસંગ આવે છે તે પાઠ બોલવાથી સમ્મુર્છિમ જીવ ક્યાં ઉત્પન્ન થાય છે માલુમ પડે, અને તેની કાળજી રખાય. પણ સ વર્ષ સુધી તો પાઠ દરરોજ બે વખત પ્રતિક્રમણ બોલવા છતાં કાંઈ સમજ ન આવે તો પછી બોલનાર અને બોલનારમાં ફેર શું? કોણી ગુરવા.

આ પાઠ પછી " દુષ્ણતી આળીઉ એલીરીયલ અપેચારકો " એ પાઠ બોલાય છે.

અને ત્યાર પછી નોકાર બેસીને ઇરેમિક આપો પાઠ બોલવો. જેથી જીવને યાદી આવે કે ના પચ્ચખાણ કરીને બેઠો, માટે આજ આળા ઉચિત અવર્તન રાખવું.

❦

શ્રી ચનારી મંગળાંનો પાઠ.

આ પાઠ બોલવામાં ઘણું અવસરે બોલાય છે. કોઈ માણસ એવા નહી હોય કે જેણે આ પાઠ સાંભળ્યો હોય નહીં એ પાઠ બોલવામાં એક પાઠનું પણ ખરચ નથી, સાધુ અજ્ઞાન કેટે ખુશામત કારણે અને કેટે પરંપરાથી ચાલી આવતી રૂઢી પ્રમાણે લાભ અલાભનો વિચાર કર્યા વગર આ પાઠની કીમત એટલી સાધારણ કરી મુકી છે કે, તેની કાંઈ કીમત નથી પણ તેમાં તેમને કેટલું નુકશાન છે, તે તો કોઈ વિચારતું નથી. સનારી લોકો પરણવા, કમાવવા, માનતા કરવા, ધારેલી મુરાદ પાર પાડવા, વિગેરે વિગેરે કામો કરાય તે તમામ કામ આશ્રવનાંજ છે અને તેવે વખતે પોતાનું કામ સફળ થાય એવી ઇચ્છાથી માંગળીક એટલે શુભ ચિન્હ લેવા આવે છે, અને કેટલીક સ્ત્રીઓ માંગળીક સાંભળીને પરોક્ષ રીતે એવી ભાવના છે કે તમારી મુરાદ પાર પડો. આશ્રવના કામમાં આવી આશીષ આપવી તે ત્યાગીને ઘટે છે કે ? વિવાહીને દિવસે શાસ્ત્ર પુજન કરી ત્યાગી પાસે માંગળીક સાંભળવા આવે તે શુભ ચિન્હ માને છે કે આ વર્ષમાં તને વ્યાપારમાં આગળી મળે. આવી આશીષ મુરખી-ઓજ આપી શકે. ત્યાગીઓ તો આ વખતે ધર્મજ

[illegible] નહિ, [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] નહિ, પણ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] અને તેને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ?

[illegible] છે.

કરેલ કર્મ ભોગવ્યા વગર છુટકો નથી, એમ જેની શ્રદ્ધા હોય તે માનતા કરવા જાય કે? બેસતે વરસે જ્યારે માણસો મંગળીક સાંભળવા આવે ત્યારે સિદ્ધાંત સંભળાવવાનો રીવાજ હોય તો ત્યાગીને ધકો લાગે નહિ.

શ્રી ચતારિ મંગળં (મંગલિક)

(ડાબો ઢીંચણ ધરતી ઉપર થાપી જમણો ઢીંચણ ઉભો રાખી બેહાથજોડી પગે લાગી આ પાઠ કહેવો) **चतारि मंगलं**—ચાર પ્રકારનામંગલિકતે કહે છે. **अरिहंतामंगलं**--અરિહંતદેવ મંગલીકછે. **सिद्धामंगलं**--સિદ્ધ દેવ મંગલિક છે. **साहुमंगलं**-સર્વ સાધુજી મંગલિક છે. **केवली पनतो धम्मो मगलं**--કેવળીનો પરૂપેલો ધર્મ મંગલીક છે. **चतारि लोगुत्तमा**—લોકને વિષે ચાર ઉત્તમ છે. **अरिहंत लोगुत्तमा**—અરિહંતદેવ લોકમાં ઉત્તમ છે. **सिद्धा लोगुत्तमा**—સિદ્ધદેવ લોકમાં ઉત્તમ છે. **साहु लोगुत्तमा** -સાધુ લોકમા ઉત્તમ છે. **केवलीपन्नतो धम्मो लोगुतमा**—કેવળીનો પરૂપેલો ધર્મ લોકમાં ઉત્તમ છે. **चतारि शरणं पव्वजामी** ચાર પ્રકારનું શરણ અંગિકાર કરૂં છું. **अरिहंता शरणपव्वाजामि**-અરિહંતનું

શરણ અંગિકાર કરૂં. सिद्धा शरणं पव्वजामि—સિદ્ધનું શરણ અંગીકાર કરૂં. साहु शरणं पव्वजामि-સાધુનું શરણ અંગિકાર કરૂં. केवली पन्नोतो धम्मो शरणं पव्वजामि—કેવળીના પરૂપેલ ધર્મનું શરણ અંગિકાર કરૂં.

चार शरणा--ઉપર કહેલા ચાર શરણ. चार मंगलिक--ઉપર કહેલા ચાર મંગલિક. चार उत्तम ઉપર કહેલા ચાર ઉત્તમ. करे जेह--જે કોઈ પ્રાણી અંગીકાર કરે. भवसागरमां न डूबे तेह--તે સંસાર સમુદ્રમાં ડુબે નહિ. सकल कर्मनो आणे अंत -સઘળા કર્મ (પાપ) નું છેવટ (અંત) લાવે. मोक्ष तणा सुख लहे अनंत--મોક્ષનાં અનંત સુખની લ્હેર થઈ શકે. भाव धरीने जे गुण गाय-નિર્મળ ભાવથી જે કોઈ પ્રાણી તેમના ગુણનું ગાન કરે. तेह जीव तरीने मुक्ते जाय-તે પ્રાણી આ સંસાર સમુદ્ર તરીને મુક્તિ જઈ શકે છે. संसार मांहि शरण चार આ સંસારમાં ઉપર કહ્યા મુજબ ઉત્તમ ચાર શરણ છે. अवर शरणु नहिं कोइ-(તે સિવાય એ ચાર શરણ તુલ્ય.) બીજું કોઇ શરણ

નથી. જે नरनारी माङ्गे—જે સ્ત્રી પુરૂષ એ કહેલા ચાર શરણ્યું અંગિકાર કરે. तेने अक्षय अविचल पद होये-તે અક્ષીને ક્ષય એટલે નાશ વિનાનું થશે નહિ એવું પદ પ્રાપ્ત થાય.

> अंगुठे अमृत वसे, लब्धि तणो भंडार ;
> गुरु गौतमने समरीए, (तो) मनवांछित फल दातार.

दोहरा.

> दयाज सुखनी वेलडी, दयाज सुखनी खाण,
> अनंत जीव मुक्ते गया, दया तणा फल जाण;
> हिंसा दुःखनी वेलडी, [illegible]
> अनंत जीव [illegible] तणा फल जाण.

अर्थ। इच्छामि पडिकमिउ जोमेदेवसिउ तथा इच्छामि पडिकमिउ इरियावहियाए—[illegible] પાઠ બોલવા.

નોટ:—[illegible] તેથી [illegible] આધાર નથી એ કહ્યા, [illegible] મુખમાંથી [illegible] છે, [illegible] કહેનારની, [illegible] છે. કારણકે ઉપરના ચાર આધારની [illegible] કેવળી માન્યતા કરતા [illegible] શરણું તે

ભોળું ! માટે આ માનતા ખોટી અને આ ભયથી ખોટી.]

એક ચાર પૈસાનું નાળીએરનું ખરચ કરી દેવ પાસેથી દેવકી મન કામના પુરી કરવી છે ! આ પ્રમાણે દેવને છેતરવા તે દેવનું અપમાન નહિં ? વળી દેવતો સેવકોનાં માતપિતા છે, તે દેવ એકાદ નાળીએર ઓછું આવવા માટે છોરૂની આરોગ્યતા ઉપર કટાક્ષ કરે કે ! દેવને છોરૂનીજ આરોગ્યતા ઉપર કટાક્ષ કરવાવાળા ગણવા તે દેવ સાથે નિર્દયતાનું તહોમત મુકવા બરોબર છે. આવી માનતાઓથી "કરેલાં કર્મ ભોગવ્યા વગર દેવને પણ છુટકો નથી" એવી સિદ્ધાંતની પરૂપણા હૈયામાં ઉતારી નથી, એ તો ચોકસ થાય છે. મંગલિકમાંનો એમ બોલાય છે કે જે કોઈ આ વાત અંગીકાર કરે, તેને અક્ષય, અવિચલ, પદ પ્રાપ્ત થાય, આમ છતાં શું વિશેષ લાભ લેવા જ્યાં ત્યાં ભટકવું ? ગુરૂ ગૌતમનું સ્મરણ કરવાથી સદાય મન વાંછીત ફળ મળે છે.

છેવટમાં ઈરીયાવહીનો પાઠ બોલવામાં આવે છે તેની સમજ.

આ પાઠ એટલો બધો ઉપયોગી છે કે, સામાયકમાં સ્તુતિ અને સ્તુતિની વીધીના પાઠ પછી તરતજ આ પાઠ પસંદ કરવામાં આવ્યો છે. સુતમાં

इच्छामि-ईच्छुं छुं. पडिक्कमिउं-पाप कर्मथी छुटा थवुं. इरिया-पथने विषे. वहियाए-चालती वखते. विराहणाए-हरकोई जीवनी विराधना करी होय. गमणागमणे-गमनने आगमन कहेतां जवां ने आवतां. पाणक्कमणे-कोई जीवने कचर्या होय १. बियक्कमणे-शाली प्रमुख बीज कचर्यां होय. २ हरियक्कमणे-लीलोतरी कचरी होय. ३ उस्सा- धुमस अथवा ઝાકળ. ४ उत्तिंग--कीडीयारुं. पणग--पंचवर्णी લીલકુગ. ६ दग---काचुं पाणी. ७ मट्टी--पंच वर्णी काची माटी वीगेरे तेतांलीस जातनी काची पृथ्वी. ८ मक्कडा-करोळीयानां पड. ९ संताणा - करोळीयानी जाळ. १० संकमणे-ए सर्वने कचर्या होय. जे मे जीवा विराहिया-जे में जीवने दुःख दीधुं होय. एगिंदिया-एक इंद्रिवाळा जेने फक्त शरीरज छे ते पृथ्वी पाणी वीगेरे स्थावर जीव. बेइंदिया - बे इंद्रिवाळा जेने शरीर जीभ छे तेवा. तेइंदिया- त्रण इंद्रिवाळा जेने काया, जीभ ने नाक छे तेवा. चउरिंदिया - चार इंद्रिवाळा जेने काया जीभ नाकने आंख छे तेवा.

पंचेंदिया–પાંચ ઇંદ્રિયવાળા જેને કાયા જીભ નાક આંખને કાન છે તેવા. अभिहया–સામા આવતા હણ્યા હોય. वत्तिया–વાટકા વાળ્યા હોય એટલે ધુળે કરી ઢાંક્યા હોય. लेसिया–ભોંય સાથે ઘસ્યા હોય. संघाइया–એક બીજા સાથે અથડાવ્યા હોય. संघट्टिया–એક બીજા સાથે ઘસ્યા હોય. परियाविया–શારીરીક પીડા ઉપજાવી હોય. किलामिया–દુઃખ ઉપજાવ્યું હોય. उद्दविया–ફાળપાડી હોય. ठाणाउट्ठाणं–સ્થાન એટલે તેને રહેવાને ઠેકાણેથી બીજે ઠેકાણે. संकामिया–મુકયા હોય. जीवियाउ–જીવતર થકી. ववरोविया–નાશ કીધા હોય. तस्स–તેનું. मिच्छामिदुक्कडं–મારું પાપ મિથ્યા થાઓ.

આ પદ પુરું થયા પછી ૧૮૨૪૧૨૦ મિચ્છામી દુક્કડ કરેવાય છે તેનો હિસાબ. ૫૬૩ જીવના ભેદ, ગુણ્યા ૧૦ અભિહયાથી વિરાધના ઉપરના પદમાં આવી તે. ગુણ્યા ૨ રાગ, દ્વેષ, ગુણ્યા ૯ કરણ કેરી. ગુણ્યા ૩ વર્તમાન, ભુત, ભવિષ્ય, ગુણ્યા ૬ તે પંચ-સિદ્ધિની છે. આત્મા. એ. અપેક્ષાએ ગુણાકાર ૫૬૩ × ૧૦ × ૨ × ૯ × ૩ × ૬ = ૧૮૨૪૧૨૦ થાય છે.

હવે સમણ સુત્ર લખીયે છીએ.

આ સમણ સુત્ર સંબંધી ત્રણ વાતની શ્રદ્ધા છે.

૧. કેટલાક કહે છે કે સમણ સુત્ર બોલવુંજ જોઇએ તે વગર પ્રતિક્રમણ અધુરૂં ગણાય.

૨. કેટલાક કહે છે કે સમણ સુત્ર બોલે તો ભલે કાંઇ નુકશાન નથી, અને ન બોલે તો પણ ચાલે પરંતુ પોષામાં તો બોલ્યા વગર ચાલેજ નહિં.

૩. કેટલાક સંઘાડાના સાધુઓનું એવું ફરમાન છે કે સમણ સુત્ર શ્રાવકથી પોષામા પણ બોલાયજ નહિં.

આ ત્રણેય માન્યતામા સુત્રમા કાંઇ ખુલાસો હોવા સંભવ નથી, કેમકે જો સુત્રમાં ખુલાસો હોત તો આવી વિરોધતા આવત નહિં. પેહેલી માન્યતાવાળા ખરા છે કે ખોટા છે તે નિરાકરણ કરવા માટે કાંઇ આધાર નથી, પણ જેમ બીજી માન્યતાવાળા કહે છે તેમ જો હમેશ બોલાય તો ઘણો લાભ છે. કેમકે જરા છુટ મુકવાથી લોકોને છુટ જોઇએ છીએ, ન બોલવાનાં કારણમ

ફકત નકામો વખત લાગે તે સિવાય બીજું કાંઇ સમજાતું નથી; પણ તે તો માત્ર શ્રમણુજ છે. તેમાં શીનીટ ફસનો માંડ ફેર પડે છે. હાલ આ સ્થળમાં (ગોંડલ, કચ્છ લીંબડી સંઘાડાના ક્ષેત્રમાં) કહી મુકી દેવાતું નથી "તેથી શીખનારને પણ એમ રહે છે કે શ્રમણ સુત્ર ન આવડયું ત્યાં સુધી મને પ્રતિક્રમણ પુરૂં આવડયું નથી." હું પોતે જ્યારે પ્રતિક્રમણ શીખતો ત્યારે શ્રમણ સુત્ર આઠમ પાખીનેજ દીવસ બોલાતું, તેથી હું તે શીખ્યોજ નહિં; અને મને પ્રતિક્રમણ આવડે છે, એમ માની લીધું. ત્યાર બાદ કેટલેક વર્ષે મને શ્રમણ સુત્ર આવડયું છે તો પણ હજી પ્રખરામાં શ્રમણ સુત્ર બોલવામાં મારી છાતી ચાલતી નથી.

ત્રીજા પ્રકારની માન્યતા તો ઘણીજ રીતે ભુલ ભરેલી છે. તે માન્યતાવાળાં કહે છે કે શ્રમણ એટલે સાધુ તેને બોલવાનું, તેની અંદરના બોલ સાધુનેજ લાગુ પડે છે, આમાં તેઓ બે રીતે ખોટા પડે છે.

૧. લાગુ પાડવા આશરે જો લાગુ પડતુંજ બોલતું હોય, તો તો પછી પ્રતિક્રમણ એક લીટી પણ નહીં રહે, જેને વ્રત નહી હોય તેને પ્રતિક્રમણ કરવાની જરૂર નહી રહે. સંથારાનો પાઠ તો પછી કહી બોલાયજ નહી; પરંતુ તે બાબતનો ખુલાસો આગળ આવી ગયેલ છે.

૨. શ્રમણ સુત્રના અર્થનો વિચાર કરતાં (૧) પહેલામાં ઉંઘમાં લાગતા દોષનું વર્ણન છે તેથી "દૃષ્ટિથી સાધપણામાં" એટલે શ્રાવકપણામાં પણ તે દોષ લાગે અને સાધપણામાં પણ લાગે.

કેમકે ઉંઘવાથી અજતના થાય તે વર્ણન તે પાઠમાં છે, તો પછી તે પાઠની જરૂરીઆત નહી સ્વીકારનારાઓએ લેશ માત્ર પણ ઉંઘ ન કરવી જોઇએ, વળી ઉંઘીને ઉઠયા પછી એજ પહેલા સુત્રનો કાઉસગ્ગ કરવો તે વાજબી લાગે છે.

૨. બીજા સુત્રમાં વોરવાની રીતી છે. શ્રાવકને પણ વ્રતમાં હોય ત્યારે કોઈ ચીજ લેવા જવી પડે છે, વળી વોરાવવામાં શું ચીવટ રાખવી તે પણ આ પાઠમાં આવી જાય છે. એટલે બે પાઠ તો શ્રાવકને જાણવા જરૂરનાજ છે. (૩) ત્રીજા પાઠમાં સરસામાન કેમ લેવો મુકવો તેની વીધિ આવે છે, તે લેવા મુકવાનું કામ શ્રાવક તેમ સાધુ બનેને પડે છે. (૪) ચોથા શ્રમણ સુત્રમાં ૩૩ બોલ આવે છે, એમાં કેટલાક બોલ આદરવાના છે અને છાંડવાના છે, અને કેટલાક જાણવાના છે તે શ્રાવકોને પણ લાગુ પડે છે. ચોથા શ્રમણ સુત્રમાં કેટલું બધું જાણવાનું છે ? ચોથા શ્રમણ સુત્રમાં જેટલું જાણ-

પહેલું સૂત્ર.

इच्छामि-ઈચ્છુ છું. पडिक्कमिउं—અર્થાત્ નિવારણ કરવાને. पगामसिज्जाए-ઘણો સુઈ રહેતા હોઉં. निगामसिज्जाए—ઘણા વખતવાળા પાથરી સુતો હોઉં. संथाराउव्वट्टणाए-સુતા સુતા વગર પોંજે પડખુ ફેરવ્યુ હોય. परियट्टणाए-સુતા સુતા વગર પોંજે વારવાર પાસું ફેરવવાથી. आउट्टणाए-હાથ પગ પોંજ્યા વિના સંકોચવાથી. पसारणाए-હાથ પગ પોંજ્યા વીના લાંબા કરવાથી. छप्पइसंघट्टणाए-છપઈ જુ વિગેરે જીવ દબાવવાથી. कुइए-કુચેષ્ટા કરવાથી એટલે સ્ત્રી આદિકના બોલની બાધાએ ગમે તેમ બોલવાથી. कक्कराइए - ઉઘાડે મોઢે (જતના સિવાય) બોલવાથી. छीए - ઉઘાડે મોઢે છીંક ખાવાથી. जंभाइए-ઉઘાડે મોઢે બગાસું ખાવાથી. आमोसे-વગર પોંજ્યે શરીર ખંજવાળવાથી. ससरक्खामोसे - સચિત રજે ખરડેલ વસ્ત્રાદિકને સ્પર્શ કરવાથી. आउलमाउलाए-ચિત્ર આકુળ વ્યાકુળ થવાથી. सुवणवत्तीयाए-સ્વ-

સ્વપ્નામાં અનેક જાતના રૂપ દેખાવાથી. इत्थीविपरियासियाए-સ્વપ્નામાં સ્ત્રી સંગાથે ભોગની ઇચ્છા થવાથ " સ્ત્રીએ " પુરૂષ વિપરીયાસિયાએ " પુરૂષ સંગાથે એ બોલવું. दिठिविपरियासियाए - સ્વપ્નામાં સ્ત્રી સંગા દ્રષ્ટીથી ક્રીડા કરી હોય. मणविपरियासियाए-સ્વપ્ના માં સ્ત્રી સંગાથે મનથી ભોગ કીધો હોય તેથી. पाण भोयणविपरियासियाए-પાણી ભોજન સ્વપ્નામાં કીધ હોય તેથી. जोमे-(ઉપર જેટલા બોલ કહ્યા તેમાંથી જે મેં. देवसिउ-દિવસ સંબંધી. अइयारो - અતિચા (પાપ) કીધાં હોય. एम पहेला समणसुत्रने विपे जे अतिचार लाग्या होय ते केवली भगवंत आपनी साखे तस्समिच्छामिदुक्कडं.

આ પાઠના અર્થ ઉપરથી ખુલ્લું સમજાય છે કે આમાં આવતા સઘળા બોલ મતમાં હોય, ત્યારે શ્રાવકને તેમજ સાધુને લાગુ પડે છે. એનો એક પણ બોલ નથી કે જે શ્રાવકને લાગુ ન પડે. શ્રાવકને લાગુ પડતા કોઈ કોઈ બોલ કોઇ કોઇ જગોએ સાધુને લાગુ ન પણ પડે; પણ સાધુના સઘળા બોલ દેશથી સાધુને એટલે શ્રાવકને સર્વ લાગુ પડે છે. મતમાં ન હોય તો શ્રાવક કદી પડેલું

…ણ સુત્ર ન મેલે તો હરકત પણ ખાતે, પણ વનમાં …ને ઉંઘ કરે તેની મુખત્યારી એ ઢપ. વિના કેમ …? તો પછી દીખાયજ નહીં અને એ પડામાં પણ …મણ ન કરવું તે કેમ બને? એક એક બાબમાં …ો માર્મિક બાધ છે, તેનો વિચાર કરીએ.

પ્રથમ જરૂરીઆતથી વધારે સુતર નીજ ના આવી, …ાર બાદ વિશેષ પાપકરની ના આવી, સુના સુના …ણ જીવદયા માટે કેવી ચીવટ રાખવી તેનું ફરમાન આવ્યું, પહડ્યું ફેરવવું કે ખટોરવું ને પણ પોતાવા વગર નહિં, આમાં દયા માર્ગની ખરી રચના છે. અને શુરુઠા ઘણી વાર આગાેા નહી કરવે. તેનું આ કારણ છે; શુમો કેનથી રંગીન દારી માટે કે દીકરી દરીઓ માટે કે સુંદર દોરી માટે નથી ત્યાર બાદ પવિત્ર શોભતી—જેમ સંસારમાં આની શોભા પતી છે, તેમ ત્યાગીના જીવનમાં રહેલા શ્રાવક સહિતના મુખની શોભા મહોપની છે. મુખ ઉદ્દેશ તેનો દયા પાળવા માટેજ છે. તે સુતી વખતે એક બાજુએ મુકી દેવાની પરૂપણા કેટલાક સાધુ પાસેથી કાનોકાન સાંભળી છે, તેને સાધુ તથા સંસારી બેમાંથી એકેય ગણાય તેમ નથી. ઉંઘમાં પણ બગાસું કે છીંક ખુલે મોઢે ખાવાથી આલોવવામાં

[illegible] સારી સદ્દવાળા સમણ મુ[illegible]
[illegible]

[illegible] પનાથી જોતાં મુખબંધ[illegible]
તે [illegible] મુચવે છે [illegible]
[illegible] તારે પાલવશે
નહિ. [illegible] તજો.

[illegible] દુકાનમાં વેચાતા
[illegible] ઉપર ચીત્રાળીને
[illegible] માલ કોઈ
માગે ને દુકાન [illegible] મણાય છે,
તેમ મંડ્રાપ[illegible] જેવો સફેદ
રંગ મને [illegible] છે, છતાં અંતરમાં
કાળાશ હોય [illegible] છે.

કોરે મુકી દિધેલી [illegible] ખાવા ટાણે
શું આપવા જવાય? અર[illegible] બોલવું હોય
ત્યારે કોરે કેમ નથી મુકી દેતા [illegible] હાજ્યુએ ચાલે
કેમકે જાગતી વખતે છીંકની બગાસાની [illegible] હાજતની
ખબર અગાઉથી પડે છે, છતાં દિવસે લેશ માત્ર અલગ
નહિં કરનારા રાત્રે પડી મુકવાની દાઢાવાળા જબરજસ્ત
છેતરપીંડીનું કામ કરે છે. તેઓ મહોપતિ રોટલા ખાવાના

રેષાના તરીકેજ બાંધે છે, તો પછી જે વખતે તે કામ હોય ત્યારે શા માટે બાંધે? પોલીસ પેરા ઉપરથી તરે ત્યારે પટો છોડે, તેમ આ સાધપણાથી ઉતરી ગયેલ છે; એટલે કોઇ ન દેખે ત્યારે મહોપતિ છોડી નાંખે છે. સ્વપ્નામાં વિષયના વિચાર આવે તોપણ માળવણા એવું આ સુત્રમાં ફરમાન છે, શિયળનો કેવો અનુપમ બાબ્દો.

નવ વાડ તોડી માલ મિષ્ટાન ઉડાવનાર, શરીરની સુસુખા કરનાર, સુશોભીત વસ્ત્ર સહિત રહેનારને કદી સ્વપ્ના આવ્યા વગર રહેજ નહિં. અંગારાની એક રજ પણ આંગળી ઉપર પડવાથી ગરીબ તેમજ તવંગર બંનેને દાઝલો થાયજ.

સ્વપ્નામાં હંમેશ પરિચીત બનાવનાજ આવે છે. અફીણના વેપારીઓ સ્વપ્નામાં ઘરાગ સમજવતાં પોતાની પાઘડી ફાડી નાખવાની સ્વપ્નાની વાત સાંભળી છે. પણ કોઈ સ્ત્રીને ન્યાય ચુકવવાનું સ્વપ્નું આવ્યું એમ કોઇ કોઇએ સાંભળ્યુ છે? માટે પ્રથમ તેવી વાતચીત, દેખાવ વિગેરેથી દૂરજ રહેવું નવવાડ શુદ્ધ પાળનારને કદી વિષયનું સ્વપ્નું આવેજ નહિ. તેમ છતાં આવે તો નકી સમજવું કે હજુ વાડો

રીતે રાખી મુકેલું લીધું હોય. वलियाहुडियाए - દેવતાને અર્પણ કરેલ ને લીધું હોય. ठवणा पाहुडियाए-કોઈ ભીખારી માટે રાખી મુકેલું તે લીધું હોય. संकिएसहसागारे-શંકાવાળુ (અશુદ્ધ) હોય છતાં કે ઉતાવળથી લીધું હોય. अणेसणाए-અનેષણીય આ- શુદ્ધ આહાર લીધો હોય. पाणभोयणाए - પાણી લીધું હોય बीयभोयणाए - બીજવાળો આહાર વાપર્યો હોય. पाणभोयणाए-બીજવાળુ પાણી વાપર્યું હોય. बीय- भोयणाए-બીજ સહીત (સચેત) ભોજન લીધું હોય. हरियभोयणाए-લીલોતરી (સચેત) સહીત ભોજન લીધું હોય. पच्छाकम्मियाए-આહાર વે'રાવ્યા પછી હાથ ધોયા હોય. पुरेकम्मियाए-આહાર દેવા પહેલાં કાચું હાથ ધોયો હોય. अदिट्ठहडाए—નજરે નહી દેખાતું ત્યાંથી લાવી આપેલ હોય. दगसंसट्ठहडाए—કાચા પાણીનો સ્પર્શ કરીને લીધેલો આહાર લીધો હોય. रयसंसट्ठ हडाए—સચેત રજને સ્પર્શ કરેલ લીધું હોય. पारिसाडणियाए—ઢોળાતો આહાર લઈને નાંખી દીધો હોય. पारिठावणियाए—[illegible] કરી ને નાંખી દેવો [illegible] આહાર લીધો હોય.

उहासगवेजाए—[illegible] લીધી હોય. **जंउग्गमेणं** [illegible] **उप्पायणेसणाए**—[illegible] **अपडिशुद्ध**—[illegible] **पडिगाहीयं** લીધા હોય ને **परिभुत्तंवा**—[illegible] ને. **जंनपरिठविय**—[illegible] હોય. **तस्समिच्छामिदुक्कड.** [illegible]

બીજા [illegible] વીધી છે. પેહુ [illegible] તોજ બોહ્ય રૂપ છે. તેમ [illegible] તાને વોરવા જવાનો [illegible] ન [illegible] હોય પણ વે શવાનો પ્રસગ તો આવેલોજ હોય [illegible] વહ્યા છે. વળી શ્રાવકોને પણ [illegible] ઘણા આવે, અઢાર પાપના પચ્ચખાણ કરીને [illegible] ખાઈ પીને પણ બની શકે. કરમ બધન [illegible] થાય છે, તેવું ખાવાથી થતું નથી. પાપ કર્યા વગર [illegible] હમેશાં ખાઈ પી શકે છે, તે પ્રમાણે એટલે [illegible] નિર્દોષ હઇને ખાતાં આવડે તો ગૃહસ્થ પણ એકાદ દિવસ કે તેથી વધારે વખત ભુખ્યા ન રહેવા છતાં

પણ પાપના ત્યાગ કરી શકે. જેનાથી ભુખ્યું ન રહેવાતું હોય તે આખા લોક પ્રમાણે પાપની બંધી કરીને પણ સુજતા આહાર પાણી લઈ શકે, અને આમ કરનારને અપવાસ કરવા કરતાં વધારે લાભ થાય, પણ પોષા કરતાં વધારે નહિં. અપવાસમાં એક પણ પાપની બંધી નથી; ઉલટો ખાવામાં જોઈતો વખત ફાજલ થવાથી વધારે વખત સાવધ વેપારમાં રોકાવાય છે, જોકે આથી તપસ્વાની ના નથી. આતો મુકાબલો કરી સમજાવાય છે કે ગૃહસ્થને ચોરવા જવાનો અવસર આવે, અને પોષામાં પણ પાણી વિગેરે લેવા જવું પડે. અનેરા પોસાતીને બીજા પોષાવાળાએ પાણી વિગેરે લાવી દેવું એ પણ વૈયાવંચ નામનો અભ્યંતર તપ છે. અને જો આ સમણ સુત્ર ન સમજાયું હોય તો પછી આ પ્રકારની વૈયાવંચ કરનાર અને કરાવનાર બેઉને કરમબંધન છે, માટે જ્ઞાનને આસાન હેદ હોયજ નહિં.

હવે આહાર લેવાની આ પાઠમાં કેવી સુચના છે તે ઉપર વિચાર કરીયે. ગાયની પેઠે થોડો અહાર લેવો એટલે ગાય જેમ ખડને મુળ સહિત ન ઉપાડે પણ ગયેલો મુળ સહીત ઉપાડે તેમ તે પ્રમાણે સાધુને એક વાસણમાં દેખે એટલું બધું લઈ લેવાની મના છે.

સંકોચ ન પડે તેમ વિચાર રાખી થોડું પણ બાકી રાખવું, તેનુંજ નામ ગોચરી કહેવાય, નહીંતર ગધાચારી સમજવી.

કોઈનું કમાડ ઉઘાડીનેતો જવાયજ નહિ. કુતરાંને, વાછરાંને, કે બાળકને એવા એવાને પણ અંતરાઇ ન પડે તે ધ્યાનમાં રાખવાનું છે. કોઈને અર્થે રાખી મુકેલું હોય તે લેવાયજ નહિ, તે લેવાથી જેને માટે રાખેલ હોય તેને અંતરાઇ પડે. ઉપરોક્ત બાબતો લેવાની મના એટલાજ માટે છે કે તે નિષેધ માટે હોય છે, આથી શ્રાવકોને નીરેહ કરવાનો ટેકો મળે છે એમ માનવાનું નથી, ગોચરી કાંઈ હમેશા મમકીનીનીજ હોતી નથી, અને નિષેધ માટે કેટલું મહત્વ જવાથી કોઈને મનમાં બહુ કચવાણું થાય છે ભીખારી માટે રાખેલ હોય તે લેવાથી ભીખારીને અંતરાઇ પડે છે તથા બીજુંક દેખે તેવી રીતે કોઈને ઘેર જવાની પણ મના છે; કેમકે ત્યાગીને ભાવથી [illegible] ભીખારીના જીવને કચવાણું થાય.

૬. આહારકારે લીધું એટલે લેનાર ત્યાગી જો લેવા માટે અંગીકાર કરે તો તો ત્યાગીપણુંજ કયાં રહ્યું, તે તો જરા મન કચવાયેલું દેખે તોપણ ન લીએ, આતો

એમ શંકાયે છે કે કોઈ વોહરાવનાર પરાણે પાતરામાં નાંખી દીએ.

આહાર વોહરાવ્યા અગાઉ અથવા વોહરાવ્યા પછીના દોષ ગૃહસ્થથીજ લાગે છે, માટે તે વિષેશ ગૃહસ્થોને શીખવવાની ત્યાગીઓની ફરજ છે.

વહોરાવનાર વોહરાવવાની ચીજ ક્યાંથી લાવે છે તે નજરે દેખાય તેવી સ્થીતીમાં વોહરવા આવનારે ઉભું રહેવું જોઈએ. આ બાબત ભલે તેટલી સંભાળ રાખે તોપણ ગૃહસ્થનો ભરોસો રાખ્યા વગર ત્યાગીને છુટકોજ નથી. માટે ગૃહસ્થે લેશ માત્ર પણ દોષ લગાડવાથી મહા વિશ્વાસઘાત થાય છે તેમ જાણવું, તેમ ત્યાગીએ વહુન વિશ્વાસ ઉપર વાત મુકી ન દેતાં બને તેટલું જોવું. ગૃહસ્થની નજીક બહુ જવાથી કોઈ કોઈને આબરૂદોષનો વહેમ પડે છે તેવે ઘેર બનતાં સુધી જવું નહી, અને કદાચ જવું પડે તો તેનું મન કચવાય એટલું બધું નજીક ઉભું રહેવું નહી. અને ગૃહસ્થે તેનાથી અભડાવવાની લેશ માત્ર શંકા રાખવી નહિં. તેઓ મહા પવિત્રમાં પવિત્ર આત્મા છે, અને એવી શંકા રહેતી હોય તો જે મંગલિકમાં તેને ઉત્તમ ગણેલ છે તે મંગલિક સાંભળવી વ્યર્થ છે.

હથેળીની રેખા ભીની હોય તોપણ આહાર ન ખપે એ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે વ્હોરતાં કેટલી સંભાળ રાખવાની જરૂર છે.

નાખી દેવો પડે એટલો આહાર આવીજ ન જાય એ વાત પેલી ધ્યાનમાં રાખવાની જરૂર છે. સ્હેજ ભુખે રહેવું પડે તેની હરકત નહીં. જેને "વિજય ચોર અને સુસુમા પુત્રીના" અધિકાર પ્રમાણે કેવળ સંજમ પાળવા માટે, શરીર નિભાવવા અર્થે, સુજતો નિર્દોષ અહાર પણ અને તે દિલગીરી સહીતજ લેવાનું ફરમાન છે, તેનાથી ખાવું થોડું ને નાંખી દેવું ઝાઝું એવો તુચ્છ આહાર જે શ્રાવકને પણ સાતમા વૃતના પ્રથમ અતિચારમાં છે તે અહાર થાયજ કેમ? વારે વારે માગી લેવું, તેતો ખાવાની લોલુપતાનુંજ પરિણામ છે. કેટલોક આહાર એવા પ્રકારનો દોષીત હોય છે કે જે પરઠી દેવોજ જોઈએ, તે અહારનું વર્ણન શ્રી દસ વૈકાલીક તથા આચારંગ વિગેરેમાં આપેલ છે. આવી રીતે બીજા સમણ સુત્રનો અધિકાર છે.



ત્રીજું સમણ સુત્ર.



पडिक्कमामि-પાપનું નિવારણ કરું છું. चउकालंस झायस्स-સજ્ઝાય કરવાના મુકરર કરેલા ચાર વખતે (સવાર, સાંજ, આગલી રાત્રે. પાછલી રાત્રે. अकरणयाए-સજ્ઝાય પાઠ ન કીધો હોય.' उभयकालं-બે વખત (સવારે, સાંજે). भंडोवगरणस्स-પાત્રા, વસ્ત્ર વિગેરે. अपडिलेहणयाए-નજરે ન જોયાં હોય. दुपडिलेहणयाए-આડી રીતે જોયાં હોય. अपमज्जणाए-પૂંજ્યા ન હોય. दुपमज्जणाए-આડી રીતે પૂંજ્યાં હોય. अइक्कमे-અતિક્રમ-પાપ કરવાનો વિચાર. वइक्कमे-વ્યતિક્રમ-પાપ કરવાની તૈયારી. अइयारे-અતિચાર-તે વસ્તુ કરવા લાગ્યો હોય. अणायारे-અણાચાર-પાપ કીધું હોય. जो-જે. मे-મેં. दिवसिउ-દિવસ સંબંધી अइयारकउ-અતિચાર કીધા હોય. तस्समिच्छामिदुक्कडं-તેનું પાપ મને નિષ્ફળ થાજો.

આ પાઠમાં ચાર વખત સજ્ઝાય ન થયેલ હોય તો

આળવણા છે–એટલે ત્યાગીએ તો ચાર વખત સઝાય કરવાનો રીવાજ રાખવોજ જોઇએ; અને એમ છતાં અપવાદ અર્થે કોઇ વખત ન બની શકે તો તેથી કાંઇ ત્યાગીપણું જાય નહિં. તેને માટે આળોવણા થાય; પણ કદી તે પ્રમાણે ચાર વખત સઝાય કરવીજ નહિં, અને છતાં બે વખત આ પાઠ બોલવો તે તો ફારસરૂપ છે, છેતરપીંડી છે. પોતાની માલીકીના દરેક સામાનનું બે વખત પડિલેહણ કરવાનું આ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે પોતાથી પડિલેહણ બની શકે તેટલોજ સરસામાન પોતાની પાસે હોવો જોઇએ. પરગામ કે ગૃહસ્થાને ઘેર જે સરસામાન હોય તેનુ પડિલેહણ ન થાય તે વાત ચોકસ છે. તો પછી પેટી, પટારામાં, કે ગૃહસ્થને ત્યાં પોટલા રાખીને પડિલેહ[illegible] નથી કરતા [illegible] હમેશ બે વખત આ પ્રમાણે મારા માનવી તે જાણરજસ્ત છેતરપીંડી છે. એક એક પટારાને બને તાળાં દેવાય છે, અને મોટા શહેરના ઉપાશ્રયમા પટારા ને કપાટ આડે જગો જોવામાં આવતી નથી આ દેખાવ તો ઉપાશ્રયને નથી પણ એક ઓફીસનો પણ નથી. ખરેખર ત્રેઝુરીના મકાનનો આ દેખાવ છે. જેઓ એમ બચાવ કરતા હોય કે આજકાલ બાહ્યશક્તિ કમી થવાથી મીઢ કંઇ બધું યાદ રહેતું નથી તેથી ગૃહસ્થને ત્યાં મુકવું પડે, હવે જો કાળની સ્થીતીને

ને તેઓને વર્તનમાં આવ્યો દૂર પાડ્યો પડ્યો હોય પછી "બે વખત પડિલેહું ન કર્યું હોય તો મિચ્છામીદુક્કડં". તે પાઠ પણ જ્યારે પડિલેહણ નથી કર્યું ત્યારે બોલવો ન જોઈએ. આવી રીતે જે ચાર માસાનું પડિલેહણ ન થાય તેમાં જીવહિંસા થાય છે। ત્રીજા સમણ સુત્રમાં જે ગાદી ગંચાય છે તે કૃત્ય હમેશ કરે છે ને કર્યાજ કરવું છે; છતાં ગાદી માગવાનું કારસ શાજવાય છે તે જુઠું બોલાય છે.

શ્રી ભગવંતની જે કૃત્ય કરવાની ના છે તે કૃત્ય કરવું તે તિર્થંકર અદત્ત છે, આગ જો ગૃહસ્થને ઘેર મુકાય, અને પડિલેહણની પણ પીડા મટે તો પછી પરિગ્રહનો કાંઈ પાર રહેશે નહિ; કેમકે પૈસા ખરચવો પડતો નથી, અને સાચવવાના સ્થાનની કાંઈ ખોટ નથી, અને કુંચી પોતે નથી રાખતા એમ કહી ખાનું બતાવે છે. મોટા મોટા રાજ્યના ભંડારની કુંચીઓ ભંડારીજ રાખે છે.

પડિલેહણ કરવાનો કાળ તથા વિધી સિદ્ધાંતમાં શ્રી ઉત્તરાધ્યયનના ૨૬ મા અધ્યયનમાં સાફ કહેલા પોરના ચોથા ભાગમાં કહેલો છે, તે વાત દેખીતી રીતે વાજબી લાગે છે કેમકે વહેલું કરવાથી આખો દિવસ પડવાનો અવકાશ રહે છે, પડિલેહણ મોડામાં મોડું

આંખે સુજી શકે ત્યારે થવું જોઈએ. પડિલેહણ કે કરાય અને કેમ ન કરાય તે હકીકત પણ તેજ અધ્યયનમ છે. ચિત્ત બરોબર તે કામમાંજ રાખવાનું છે. પચખાણ કરાવવા જેવું મહા લાભનું કામ પણ પડિલેહણ કરત વખત કરવાની મના છે તો પછી વાતો ક્યાંજ રહી.

પડિલેહણના આ વખતની ગોઠવણુથી એમ અનુમા થાય છે કે ત્યાગીને બે વખત જમવાનું નથી, પણ તેરે કોઇ સ્થળે ચોખ્ખો પાઠ નથી; તેથી જેને રૂચી હોય ને બીજી વખત આહાર કરે તો કાંઇ શાસ્ત્રથી વાંધે નથી, પણ જમવા સારૂ થઈને પડિલેહણનો કાળ ફેરવ નાંખવો તે વાત વાજબી નથી.

નીચેના કારણસર સાંજની ગોચરી પાડવે તેમ નથી, પણ સવારની ગોચરીનો આહાર વાપરીને સાંજરે આહાર કરે તો નજ કરાય એવું કાંઇ નથી.

અન્યમતિના પણ ઘણા ખરા ત્યાગીઓ એકજ વખત આહાર કરે છે. વેપારમાં જે વેપારીને બહુ ઘરાગી હોય તે પણ માંડ માંડ ક્ષુધા સહન ન થાય ત્યારે જમવા નવરો થાય છે, તો પછી જેને જ્ઞાનનો અને ધ્યાનનો વેપાર લાગી રહ્યો છે, તેને ફક્ત શરીરની

તેને પાલવેજ નહિ. જેમ વિદ્યાર્થીઓ રવીવારની રજાની રાહ આતુરતાથી જુએ છે, તેટલીજ આતુરતાથી તેઓ અપવાસના દિવસની રાહ જોયાજ કરે.

ધ્યાનમાં રાખવું કે બે વખત જમવાની ના નથી; પણ બે વખત વહોરવાનું ન બની શકે, તેમ છતાં કોઈ આતુરી, વૃદ્ધ કે તપસ્વી હોય તો વહોરવામાં પણ કાંઈ વાંધો નથી; પણ દરેકને રીવાજ ન પડાવે. ગૃહસ્થને ઘેર સહુ જમી રહે ત્યારબાદ વધારાની ખબર પડે છે, અને સહુ જમી રહે તેટલો વખત વાળુટાણે જાય ત્યાંતો સાંજ પડે, કેટલોક દિવસ હોય ત્યાંતો ગોચરી આવી, આહાર કરી, પાતરાં સાફ કરીને પરઠવી જવું જોઈએ, તો પછી વહોરવા કયે વખતે નીકળવું? અતિશય વહેલું નીકળવાથી વાળુ તૈયાર થયેલ ન હોય. અને દિવસ છતાં વાળુ કરનારાં થોડા ઘર હોય અને તે પણ દુર હોવાથી ન આવે એટલે નજીક નજીકના ઘરથીજ પતાવાય છે, તેથી દિવસ છતા વાળુ કરનારા અને પાસે રહેનારા ઘણાં ખરાં ઘરમાં વહોરાવવાની જોગવાઈ મળશે એમ આશા રાખે છે. વળી બપોરે જેમ નેટકા ઘેર ફરતા અનુકુળ થાય તો પણ હાજર થવા કાંઈ કાનુન નથી કારણ કે ઘરનો કાંઈ પાર નથી. અને સાંજરે તો તે અનુકુળ ઉપરા ઉપર કેટલેક ઘેર જવા માટે તો પછી હીંમત રહે

નહિ કેમ, [illegible] ની જવાની બીક છે. વળી પ્રતિક્રમણ [illegible] છે તે વિચારતાં એમ માલુમ પડે છે [illegible] તો બનેજ નહિ.

कायगुत्तिए—કાયાને શુભ પરિણામે કરી ગોપવવું. पडिक्कमामितिहिंसल्लेहिं—નિવર્તું છું ત્રણ પ્રકારના શલ્યના દોષથી. मायासल्लेणं—માયા. કપટ રાખવું તે. नियाणसल्लेणं—નિયાણું એટલે ક્રિયાનું ફળ માગવું તે. मिच्छादंसणसल्लेणं—ખોટી શ્રદ્ધા તે. पडिक्कमामि—तिहिंगारवेहिं — ત્રણ પ્રકારના ગર્વના દોષથી. इड्ढिगारवेणं-રિદ્ધિનો ગર્વ કરે. रसगारवेणं-રૂડા રસ એટલે સ્વાદનો ગર્વ કરે. सायागारवेणं-શરીરના સુખનો ગર્વ કરે. पडिक्कमामितिहिंविराहणाए-નિવર્તું છું, ત્રણ પ્રકારની વિરાધનાથી. नाणविराहणाए-જ્ઞાનમાં ભંગ કરવો. दंसणविराहणाए-સમકિતમાં ભંગ. चरित्रविराहणाए-કરણીમાં ભંગ. पडिक्कमामिचउहिंकसाएहिं-નિવર્તું છું, ચાર પ્રકારના કષાયના દોષથી. कोहकसाएणं ક્રોધ કરવો તે કષાય. माणकसाएणं-માન કરવું તે કષાય. मायाकसाएणं—માયા-કપટ કરવું તે કષાય. लोहकसाएणं-લોભ કરવો તે કષાય. पडिक्कमामिचउहिं सन्नाहिं-નિવર્તું છું, ચાર પ્રકારની સંજ્ઞા વાંછનાના દોષથી. आहारसन्नाए-આહારની ઇચ્છા. भयसन्नाए-બીક-

થી કરવું તે. **मेहुणसन्नाए**-મૈથુનની ઇચ્છા. **परिग्गहसन्नाए**-પરિગ્રહની ઇચ્છા. **पडिक्कमामिचउहिंविकहाहिं**-નિવર્તું છું. ચાર પ્રકારની વિકથા-પાપની કથાથી. **इत्थीकहाए**-સ્ત્રી કથા રૂપાદીક વિગેરે. **भत्तकहाए**-ભોજનની કથા, સારૂં નરસું કહેવું. **देसकहाए**-દેશ વિષે સારૂં નરસું કહેવું. **रायकहाए**-રાજ વિષે સારૂં નરસું કહેવું. **पडिक्कमामिचउहिंझाणेहिं**-નિવર્તું છું ચાર પ્રકારના વિષય સંબંધી ધ્યાન ધરવાથી **अट्टेणंझाणेण**-વિષય સબંધી ધ્યાન ધરવાથી. **रुद्देणंझाणेणं**—હિંસાદીકનું ધ્યાન ધરવાથી. **धम्मेणंझाणेणं**-ધર્મ ધ્યાન ન ધરવાથી. **सुक्केणंझाणेणं**-નિર્મળ ધ્યાન ન ધરવાથી **पडिक्कमामिपंचहिंकिरियाहिं**-નિવર્તું છું. પાચ પ્રકારે ક્રિયા એટલે કર્મ લાગે છે તેથી **काइयाए**-કાયા અજતનાએ વ પરવાથી. **अहिगरणियाए**-અધિકરણથી (હથીયાર) **पाउसियाए**—જીવ ઉપર દ્વેષ રાખવાથી. **पारितावणियाए**-જીવને દુ ખ ઉપજાવવાથી **पाणाइवायकिरियाए**—જીવહિંસા કરવાથી. **पडिक्कमामिपंचहिंकामगुणेहिं**-નિવર્તુંછું. પાચ પ્રકારના કામ વધવાના ગુણના દોષથી. **सद्देणं**—વિષયોના શબ્દ સાં-

હેવાથી. ગંધેણં—સુગંધીઓથી. ફાસેણં—સ્પર્શ ફ-રસથી. पडिक्कमामि पंचहिं महव्वएहिं-નિવર્તું છું. પાંચ પ્રકારના મહાવ્રત વિષે દેષથી. पाणाइवायाउ वेरमणं-હિંસા કરવાથી. मुसावायाउ-જુઠું બોલવાથી. अदिन्नादाणाउ वेरमणं-અણદીધેલું લેવાથી. मेहुणाउ वेरमणं મૈથુનથી. परिग्गहाउ वेरमण-પરિગ્રહ રાખવાથી. पडिक्कमामि पंचहिं सुमिएहिं-નિવર્તું છું. પાંચ પ્રકારના સુમતિના દેષ લાગ્યા હોય તેથી. इरियासुमिए-જોઇને ન ચાલવું તે. भासासुमिए-જુઠવું કેત જે તેવું બોલવું. एसणासुमिए-દોષીત આહાર લેવા. आयाण भंड मत निखेवणा सुमिए પાત્રાં, વસ્ત્ર વગેરે ઉપકરણને અજતનાએ લેવાં મુકવાં. उच्चार, पासवण, खेल, जल, संघाण, पारिट्ठावणियासुमिए-વડીનીત, લઘુનીત, બળખો, મેલ, લીંટ. પરઠવાનું તે અજતનાએ પરઠવું તે સુમતિના દેષ.

નોટ:—[પ્રતિક્રમણ કરનાર મુની મહારાજ પહેલાં પાંચે મહાવ્રતોની, પાંચ સુમતિ, ત્રણ ગુપ્તિની અતિચાર આલોચના મિચ્છામિ દુક્કડં સાથે પડીક્કમણું કરે છે તથાપિ અત્રે શ્રોતા શ્રાવક સમજી શકે તેની ને તેની

આલોયણા લેવાનું કારણ આ છે કે—પરેલાં દોષોની આલોયણા છે, અને આ આલોયણા પુન્ય કર્મની જે વૃદ્ધી થઈ હોય તેની નિર્જરા કરવાને માટે છે.

પાપ એ બંધનકર્તા છે, તેમ પુન્ય શુભ વસ્તુનું ફળ આપનાર છે જેને શાસ્ત્રકારોએ "સોનાની બેડી" ના ઉપમા આપી છે, માટે તે પણ આલોયવા જરૂર છે.]

આ પાંચ સુમતિ અને ત્રણ ગુપ્તિ જાળવવી એજ સંજમની મુશ્કેલી છે. એટલાં વાનાં જળવાયાં તોતો તે સાધુના સાધપણામાં કાંઈ ન્યુનતા નથી. તપસ્યા કોઈમાં વધારે હોય અને કોઇમાં ઓછી હોય, એથી સજમને દુષણ નથી. જ્ઞાન કોઈમાં વધારે હોય અને કોઈમાં વધારે ન હોય; પણ પાંચ સુમતિ, ત્રણ ગુપ્તિ, આઠ પ્રવચન માતા કહેવાય છે, તે જાળવવી કાંઇ સહેલું નથી, તેમાં વચન ગુપ્તિની બહુ મુશ્કેલી છે; માટે બોલતાં દંડાય તેવું સાધપણાનું પદ છે.

पडीक्कमामि छहिं जीव निकाएहिं—નિવર્તું છું. છ પ્રકારના જીવના સમુહની વિરાધનાથી. पुढविकाएणं—પૃથ્વીકાય માટી પ્રમુખ. आउकाएणं—અપકાય પાણી પ્રમુખ. तेउकाएणं-અગ્નિ પ્રમુખ. वाउकाएणं-વાઉકાય. વાયરા પ્રમુખ. वणस्सइकाएणं—વનસ્પતિ પ્રમુખ.

तस्स पाणाणं-ત્રસ જીવની હિંસા થતા કરી હોય. परि-कमामि छहिं लेसाहिं—નિત્ય પ્ર. છ પ્રકારની લેશ્યાના દોષથી. किण्हलेसाए—અત્યંત હિંસા કરવાનું મન. नील-लेसाए—દુરાગ્રહ કરવાનું મન. काउलेसाए— શરણપણું દૂર રાખીને પોતાના દોષ ઢાંકવા અને બીજાના ખોલવા. આ ત્રણ લેશ્યા ભૂંડી. तेउलेसाए—કપટ રહિત વનિતાઈના પ્રકાર. पम्हलेसाए—મન, વચન, કાયા ઓછા-વાના પ્રકાશ. सुक्कलेसाए—મુનિ, શુચિત સહિત રાગદ્વેષ જીતવાના ગુણ. આ ત્રણ લેશ્યા સારી ગ્રહણ ન કરી હોય તો.

સંસારી પાપ સ્થાનક ત્યાગ કરીને તો કદાચ બેસી શકે, પણ સારી અને માઠી લેશ્યા તો પગલે પગલે સંસારના દરેક કામમાં હોયજ અને કરવાપણુંનો આધાર તે ઉપર છે.

છયે લેશ્યાની ઓળખાણ—એક આંબાની કેરીઓ ખાવાની છ જણને ઈચ્છા થઈ; હવે ઈચ્છા પુરી પાડવાને છયે માણસો તૈયાર હતા, પણ દરેકની લેશ્યા જુદી જુદી હતી.

એકે કહ્યું—કે—ચાલો આંબો મૂળમાંથી ઉખેડી નાંખીએ. એટલે પોતાને કેરીઓ ખવાય, પણ બીજાને કોઈને

કે તેને પોતાને ફરીને આંબો કામ ન આવે, પોતાનું તતકાળીક કામ તો થયું પણ પાછળ ગમે તે થાય, તે જીવ કૃષ્ણલેશી.

બીજે કહ્યું—નાભાઈ આખો આંબો શા માટે પાડવો, કેરીવાળી ડાળીઓ ફક્ત કાપી લેવી; એટલે ફરીને તે આંબો કામ આવે તે નિલલેશી કહેવાય.

ત્રીજે કહ્યું—નહી નહી ડાળીઓ બધી ન તોડવી. ફકત પાકેલી કેરીઓવાળી ડાળીઓ તોડવી. નકામી બીજી શા માટે તોડવી? આ કાપુતલેશી જીવ.

ચોથે કહ્યું—ડાળી એક પણ ન તોડવી પણ પથરા મારી કેરી નીચે પાડવી. આ તેજોલેશીજીવ.

પાચમો કહે—પથ્થર શા માટે મારવો? આંબાની ડાળ ખુબ ઝંઝેડવી એટલે એની મેળે પાકેલી કેરીઓજ નીચે પડે. આ પદ્મલેશીજીવ.

છઠાએ કહ્યુ—એમ પણ કરી શામાટે, કાઈના જીવને દુઃખ દેવું? કેટલીક કેરીઓ સહેજે અનાયાસે નીચે ખરી પડેલી છે, તે લઈને ખાવી; કોઈપણ રીતે ખાવાનું કામ છે. આ પ્રમાણે છઠાની દરખાસ્ત પ્રમાણે કરવાથી ઓછે નુકશાને સહુની મતલબ પાર પડી હતી, તે શુક્લલેશી

ય. તે પ્રમાણે પાર પાડવામાં પણ સહુએ બહુ તના રાખવી જોઈએ.

पडिक्कमामि सत्तहिंभयठाणेहिं—સાત પ્રકારના ભય- ના ઠેકાણાથી નિવર્તું છું, આલોકભય, પરલોકભય, ધન- ભય, અકસ્માતભય, આજીવિકાભય, મરણભય, અપજશ ભય. આ સાત રીતી માંહેલી કોઈપણ રીતીથી ભય પામીને પાપ ન કરે તેને સાત ભયના ટાલણહાર કહીએ.

पडिक्कमामिअट्ठहिंमयठाणेहिं—નિવર્તું છું. આઠ પ્ર- કારના મદના ઠેકાણાથી. એ આઠેય કર્મ બંધનનાં સાધન તેનાથી દુર રહે તે આઠ મદના ગાળણહાર કહેવાય.

नवहिंबंभचेरगुत्तिहिं—નવ પ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિ.

दसविहेसमणधम्मे—દશ પ્રકારનો સાધુનો ધર્મ. ક્ષમા, નિર્લોભતા, કપટરહિતપણું, માનરહિતપણું, બાર પ્રકારનો તપ, સંજમ, સાચપણું, નિર્મળ, ધનરહિતપણું, બ્રહ્મચર્ય.

આ દશ પ્રકાર ઉપર મુનિશ્રી અમોલખ ઋષીજીએ શ્રી ધર્મતત્વ સંગ્રહ નામનો ગ્રંથ લખેલ છે. તે જૈન સમાચાર ઓફીસથી બહાર પડેલ છે. તેમાં વિસ્તારથી ખધુ વર્ણન આપેલ છે માટે આંહી કાંઈ જરૂર જણાતી નથી.

૨૪

एकादशविंशतिद्वादशश्रावकप्रतिमाद्वि—અગીયાર પ્રકારની શ્રાવકની પડિમા.

જે શ્રાવકને ફક્ત બાર વ્રતધારી થવાથી અટકી નહિ જતા વિશેષ કરણી કરવી હોય, અને દીક્ષા લેવાની ઇચ્છા પુર્ણતા ગમે તે કારણે ન આવી હોય તેને માટે ૧૧ પડિમા છે. (૧) પડિમામાં સમકિત ચોખ્ખું રાખવું.

ત્યારે શું બારવ્રત ધારી શ્રાવકનું સમકિત મલીન હશે?

પાંચમે ગુણ સ્થાનકે સમકિતમાં મલીનતા હોયજ નહિં; તો પછી બારવ્રતમા કયાથી હોયજ? પડિમા વગરની શ્રાવકની શ્રદ્ધામાં તો ફેર ન હોય; પરંતુ તેને છ છીંડીના આગાર હોય એટલે નીચેને છ કારણે તે કદાચ સમકિતને વિમુખ કૃત્ય નીરૂપાયે કરી શકે પણ પડિમાવાળો કોઈપણ કારણે તેવું કૃત્ય કરી શકે નહિ. છ છીંડી નીચે પ્રમાણે-૧ રાજ્ય સતાને કારણે. ૨. નાત, જાત, કુળ, કુટુંબના આગ્રહથી. ૩. કોઈ દેવ-સ્થાનને લીધે. ૪. કોઈ અયોગ્ય સ્થળે આવી જવાથી. ૫. વડીલના હુકમને વશ થઈને. ૬. કોઇ બળાત્કારથી કેવળ છીંડીને લઈનેજ જે કામ કરવું પડે, તે તો

ફક્ત પોતા રૂપે થાય, પણ તે બીજાના પ્રેરિત કરે, અને ખરા સુશ્રાવકો તે પણ ન કરે. આ પ્રમાણે છ ઝીણી પણ દરકાર ન કરવી તે કામ કેટલી મુશ્કેલીનું છે તે લખવાથી સમજાય તેવું નથી.

(૨) પડિમામાં બાર વ્રત. પેલી પડિમા કાયમ રાખી ને પાળવાં. બધી મુશ્કેલી પેલી પડિમાનીજ છે. પેલી પડિમામાં બાર વ્રત ન હોય તો ચાલે.

(૩) પેલી બે પડિમા કાયમ રાખીને ત્રીજીમાં દરરોજ સામાયક કરવી. આ ઉપરથી સમજાય છે કે નવમા વ્રતમાં દરરોજ સામાયક કરવાનું બંધન નથી. બીજી ને ત્રીજી પડિમાનું વર્તન ઘણી જગોએ હોય છે; પણ તે પેલી સહીત હોય તો પડિમા ગણાય.

(૪) ચોથીમાં પેલી ત્રણ પડિમા કાયમ રાખીને એક માસમાં બે પોષા કરવા.

(૫) પાંચમી પડિમામાં પહેલી ચાર કાયમ રાખીને પોષાને બળતો દિવસ પણ બ્રહ્મચર્ય પાળે, સ્નાન ન કરે.

(૬) છઠી પડિમામાં પેલી પાંચ કાયમ રાખીને સર્વથી બ્રહ્મચર્ય પાળવું, એટલે હવે છઠી પડિમામાં જ્યારે સદારાની બંધી છે ત્યારે ચોથું વ્રતજ સદારાની

ળ પીવાળાનેજ ગણાય, એવી બાપ આવે છે તેને સમ
વાય શી રીતે?

(૭) સાતની પડિમામાં પેલી છ કાયમ રાખી
ફક્ત સચેત ચીજનો અહાર ન કરે, આરંભ કરવા
હજુ બધી નથી.

(૮) આઠમી પડિમામાં પહેલી સાત કાયમ રાખી
આરંભ લાગે એવું કામ પોતે ન કરે, એટલે કોઈ પા
કરાવવામાં હજુ હરકત નથી.

(૯) નવમીપડિમામાં નોકર કે જેને પોતે પગ
ખવરાવે છે ને જે પોતાનું કામ કરવાને બંધાયેલ
તેની પાસે પણ કામ ન કરાવે તો પછી બીજા પા
તો કેમ કરાવાય?

(૧૦) દશમી પડિમા-નવમી પડિમામાં પોતા
આરંભ કરાવવાની બધા હતી, પણ પોતાની સુચન
વગર કોઈ પોતા અર્થે આરંભ કરી રાખે તો
ભોગવવાની બધા નહોતી. હવે પહેલી નવ કાયમ રાખ
ને પોતા સારૂ કીધેલ અહાર પાણી ન લીએ.

(૧૧) અગીયારમી પડિમા—દશમીમાં હજુ
આવકનો હોય, પેલી દશ કાયમ રાખીને અગીયારમીમ

સાધુનો વેષ ધારણ કરી સાધુ પ્રમાણે વરતે. જો કોઇ વંદન કરે તો કહે કે હું સાધુ નથી, પણ ક્રિયા સર્વ સાધુની પાળે.

તેમાં અપવાદ--૧. લોચ ન કરે તો ચાલે પણ પાપ ન લાગવા દીએ. ૨. વિહાર ન કરે તો ચાલે ૩. ગોચરી પોતાનીજ જ્ઞાતિમા કરે તો ચાલે. ૪. રજો-હરણ ઉપર કપડું ન બાંધે તો ચાલે

પહેલી પડિમા એક માસની, બીજી બે માસની, તેમ જેટલામી પડિમા હોય તેટલા માસની તે હોય તે સાડા પાંચ વરસે બધી પડિમા પુરી થઇ રહે. આ બાબતની પુર્ણ હકીકત ઉપાસગ દશાગમાં છે.

જો પડિમા પુરેપુરી કરવી હોય તે તો ઉપર બતાવી તેમ જોઇએ, પણ જેઓને ક્રમે ક્રમે ન કરતાં પહેલેથીજ ગમે તેટલામી લેવી હોય તો લવાય. પણ તે અગાઉની બધી ક્રીયા જોઇએ. તેમ ગમે તેટલા માસ સુધી પાળવી હોય તોપણ ક્રિયા કરવામાં કાંઇ વાંધો નથી. જેમ છત્રીસ કલાક અપવાસ ચોવીઆરો રાખી ચોવીસ કલાક અઢાર પાપની બંધી કરે તોજ પોસો કહેવાય, પણ તેથી ઓછું કરનારને કાંઇ ક્રિયા કરવાની ના નથી. જેટલો વેપાર એડે તેટલો વકરો થાય.

આ કાળે પડિમા શ્રાવકથી અદરાય નહિં તેમ કેટલાક કહે છે તેનો ખુલાસો.

લેશ માત્ર વિચાર કર્યા વિના કોઇને ઉતારી પાડવા માટે ગમે તેમ બોલે, તેને કોઇ આડું થવા જતું નથી; એમ તો આ લેખકને એક સંઘાડાના આચાર્યજી મનાતા વેષ ધારીએ કાંઇક પ્રશ્ન પુછતાં ચોખુ કીધું હતું કે "બાર વ્રત આજે અદરાય નહીં" આનું કારણ-મારી તેની સાથે વાતચીત કરવાની નાલાયકી તેને લાગી હોય તે હોય; કે પછે તેની શ્રદ્ધા એવી હોય, છતાં મેં તો માન્યું નથી; તે પ્રમાણે પડિમા અદરાય નહીં, એમ કહેનારાને એટલું પુછવું કે પડિમા ગમે તેવી આકરી ક્રિયા છે, પણ સજમથી ચડીઆતી કે ઉતરતી? ઉંચામાં ઉંચી જે ૧૧ મી પડિમા તે પણ સાધુની ક્રિયા જેવી છે તો પછી વિછેદ જવામાં પહેલાં વધારે આકરી ક્રિયા વિછેદ જાય કે નહેલી? પડિમા વિછેદ ગઇ એમ કહેનારને સાધપણું કેટલાક કાળ અગાઉ વિછેદ ગયું માનવું પડશે.

बारसहिंभिरकुपडिमाहिं—બાર પ્રકારની સાધુની પડિમા.

સુરવીર મુની એકલા વીચરી નીચે પ્રમાણે કરે—
પેહેલી પડિમામાં રોજ એક વખત એકજ ઘેર અહારની એકદાંત એટલે એક ધાર તથા પાણીની એક દાંત લઇને નિર્વાહ કરે.

બીજી, ત્રીજી, ચોથી, પાંચમી, છઠી, સાતમીમાં મહિનામાં રોજ બે, ત્રણ, ચાર, પાંચ, છ, અને સાત દાંત ઉપરાંત લેવું નહિ. એવો અનુક્રમે નિયમ એટલે સાત પડિમા થઇ.

આઠમી નવમીમાં સાત દિવસ સુધી એકાંતરા અપવાસ, પણ આઠમીમાં કઠણ આસને તથા નવમીમાં દંડ આસને બેસે. દશમીમાં પણ એજ પ્રમાણે અપવાસ પણ ગાય દોવા બેસે છે તેવે આસને બેસે. અગીયારમી પડીમા એક રાત દિવસની તે અગાઉથી બે અપવાસ કરીને ત્રીજે દીવસે રાત્રે ગામ બહાર કાઉસગ્ગ કરે બારમી એક રાતની પડિમા તે પ્રથમ ત્રણ અપવાસ કરી ત્રીજે દિવસે રાત્રે વનમાંહે એક ચિતે રહીને ઉપસર્ગ આવે તે સહે "થી અનગડ સુગમા ગજ સુકમાલજીએ સહન કર્યું" તેમ આ ક્રિયામાથી પરિણામે હાંતો ૩ અવગુણ થાય, અથવા ગુણ થાય. જો ઉપસર્ગ સહન કરી શકે તો બેડોપાર થાય; પણ જો સહન ન થાય તો સંજમથી ભ્રષ્ટ થવાય. આ બાર ભીખુ-

પડિમા આજના સંયોગને અનુકૂળ નથી; તેથી વિચ્છેદ ગયેલ તે વાત સંભવે છે. સાધુપણા કરતાં તે આકરી ક્રિયા છે પણ તેને બદલે શ્રાવકની વિચ્છેદ ગઈ એમ ઠરાવે છે, તો સંજમ વિચ્છેદ ન હોય ત્યાં સુધી તે વિચ્છેદ જવાનો જરા પણ સંભવ નથી.

તેરસહિં કિરિયાઠાણેહિં—તેર પ્રકારનાં કર્મ બાંધવાનાં ઠેકાણાં—૧. કામ સારૂ આરંભ કરવો. ૨. વગર કામે આરંભ કરવો. ૩. જીવઘાત કરવા સારૂ હિંસા કરે ૪. અકસ્માતથી કોઈને દંડ કરતાં જતાં બીજાને ઘાત ૫. મિત્રને વેરી માની, અથવા ચોર નથી તેને ચોર માનીને હણે. ૬. જૂઠું બોલવાથી લાગે. ૭. [illegible] લેવાથી લાગે [illegible] ૯. અહંકાર કરવાથી લાગે. ૧૦. [illegible] ૧૧. કપટ કરવાથી. ૧૨. લોભ કરવાથી ૧૩. [illegible]

એ તેર પ્રકારની ક્રિયાથી [illegible] વિમુખ રહેવું છે.

ચઉદસહિં ભૂઅગામેહિં—ચૌદ પ્રકારના જીવના સમૂહ એવા કે—

૧. સૂક્ષ્મ એકેંદ્રી. ૨. બાદર એકેંદ્રી. ૩. બેઇંદ્રી.

તેઈંદ્રી. ૫. ચૌરેંદ્રી. ૬. સંજ્ઞીપંચેંદ્રી ૭. અસંજ્ઞી-પંચેંદ્રી. તે સાતના પ્રજાપ્તા તથા અપ્રજાપ્તાના મળીને ૧૪.

સૂક્ષ્મ—એટલે નજરે પડે નહી, માર્યા મરે નહી, [illegible] સિવાય નહી તેવા જીવ.

બાદર—એટલે સુક્ષ્મથી ઉલટું. નજરે પડે, માર્યા મરે અને છેદ્યા છેદાય તેવા જીવ.

